₹ ૨૦/-

# અવતારી યુગ્મ શક્તિઓ



# પ્રભુ અર્પણ

એપ્રિલ - ૨૦૨૨

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

*

તમે કદી પણ કશું સાચું સમર્પણ કર્યું નથી, તમારી જાતને મુક્ત હૃદયથી અને સાદી સીધી રીતે તમે મા ભગવતીના હાથમાં કદી મૂકી દીધી નથી. અને છતાં આ અતિમનસના યોગમાં સફળ થવા માટેનો એ જ એકમાત્ર માર્ગ છે. યોગી બનવું, સંન્યાસી કે તપસ્વી થવું એ અહીંનું લક્ષ્ય નથી. આ યોગનું લક્ષ્ય છે રૂપાંતર. અને એ રૂપાંતરનું કાર્ય તમારી પોતાની શક્તિ કરતાં કોઈ અનંતગણી મહાન શક્તિ દ્વારા જ થઈ શકવાનું છે. મા ભગવતીના હાથમાં તમે એક સાચા બાળક જેવા બની રહેશો તો જ એ વસ્તુ સિદ્ધ થઈ શકશે.

શ્રી અરવિન્દ

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ પૃ. ૨૬)

તમારી અંદર થતી સઘળી ક્રિયાઓનો આરંભ મા ભગવતી કરે છે. તમારી સઘળી શક્તિ તેની જ છે – તમારાં મન, પ્રાણ અને શરીર મા ભગવતીના કાર્ય માટેનાં સચેતન તેમ જ પ્રસન્ન કરણો છે, એની લીલાનાં સાધનો છે....
મા, ભગવતી સાથેની આ એકતા અને આ આશ્રયભાવ કરતાં વધારે સુખમય કોઈ અવસ્થા છે નહિ.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

એપ્રિલ – ૨૦૨૨ વર્ષ : ૦૮ અંક : ૦૪

# અનુક્રમ


**શ્રી અરવિન્દ શ્રી માતાજી વિશે** ૦૬

**અને**

**શ્રી માતાજી શ્રી અરવિન્દ વિશે** ૧૬

**આપણી સાધના અને શ્રી માતાજી** ૩૦

*

**સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ** ૩૨

*

**વૃત્ત વિશેષ** ૪૨


**તંત્રીનોંધ :** માત્ર એક અવતાર જ અન્ય અવતારનું રહસ્ય આપણી સમક્ષ પ્રકટ કરી શકે. અને શ્રી માતાજીનું રહસ્ય આપણી સમક્ષ શ્રી અરવિન્દ સિવાય અન્ય કોણ પ્રકટ કરી શકે ? અને એ જ ન્યાયે શ્રી અરવિન્દનું રહસ્ય શ્રી માતાજી સિવાય અન્ય કોણ આપણી સમક્ષ પ્રકટ કરી શકે ? એ બંને અવતારોનું ભેગા મળવું એ નૂતન યુગના આગમનની નિશાનીરૂપ હતું. નૂતન સર્જન, નૂતન કાળના ગર્ભધારણની પ્રક્રિયા હતી. આપણે એ જાણતા હોઈએ કે ન જાણતા હોઈએ નૂતન યુગનો આરંભ થઈ ગયો છે, એ યુગ ધીરે ધીરે વધુને વધુ આત્માઓ સમક્ષ પોતાના આરંભની ઘોષણા કરી રહ્યો છે. એ નૂતન યુગનો પ્રભાવ મોટેભાગે શાન્ત પ્રકારનો હોય છે. એ હોય છે સૂર્યકિરણોના પ્રભાવ સમાન, જે કિરણો પૃથ્વીને હળવેથી સ્પર્શ કરતાં હોય છે અને એ હળવા સ્પર્શથી પૃથ્વી અગણિત શક્યતાઓથી જીવંત બની જતી હોય છે. આ અંક બંને અવતારોને માનાંજલિ સહિત કૃતજ્ઞતાના ભાવસહિત સમર્પિત કરવામાં આવે છે.



The One whom we adore as the Mother is the divine Conscious Force that dominates all existence, one and yet so many-sided that to follow her movements is impossible even for the quickest mind and for the freest and most vast intelligence. The Mother is the consciousness and force of the Supreme and far above all she creates. But something of her ways can be seen and felt through her embodiments and the more seizable because more defined and limited temperament and ~~movements~~ action of the goddess forms in whom she consents to be manifest to her creatures.

મા ભગવતીની ચાર શક્તિઓ તે એનાં ચાર પ્રધાન વ્યક્તિ-સ્વરૂપો છે, એની જ દિવ્યતાના અંશો અને એણે ધારણ કરેલા દેહો છે. મા ભગવતી એ ચાર શક્તિ-સ્વરૂપો દ્વારા પોતે સર્જેલ પ્રાણીઓના ઉપર કાર્ય કરે છે, જગતોમાંનાં પોતાનાં સર્જનોને વ્યવસ્થિત અને સંવાદી બનાવે છે તથા પોતાની અનંત સહસ્ર શક્તિઓનું સંચાલન કરે છે. એનું કારણ એ છે કે મા ભગવતી પોતે છે તો એક પરંતુ આપણી સમક્ષ તે જૂજવાં સ્વરૂપો લઈને આવે છે. એનાં અનેક શક્તિ-સ્વરૂપો અને વ્યક્તિ-સ્વરૂપો છે, અનેક પ્રાદુર્ભાવો અને વિભૂતિઓ છે જે વિશ્વભરમાં એનું કાર્ય કરી રહેલાં છે. જે પરમ એક તત્ત્વને આપણે મા ભગવતી તરીકે આરાધીએ છીએ તે અખિલ સત્-તાના ઉપર અધિષ્ઠાન કરનારી દિવ્ય ચિત્-શકિત છે, તે પોતે એક છે છતાં એટલી તો અનંતમુખી છે કે ગમે તેવું વેગવાળું, શીઘ્રગ્રાહી મન કે મુક્તમાં મુક્ત અને સૌથી વિશાળ એવી બુદ્ધિ પણ એની ગતિનું અનુસરણ કરી શકે તેમ નથી. મા ભગવતી પરમ ઈશની ચેતના અને તેની જ શક્તિ છે, અને વિશ્વ સકલથી દૂર-સુદૂર ઊર્ધ્વમાં તે સર્જન કરે છે. પરંતુ જે દેહોમાં અને જે દેવી-સ્વરૂપોમાં તે પોતાનાં પ્રાણીઓ સમક્ષ પ્રગટ થવાનું અંગીકાર કરે છે તેમની પ્રકૃતિ અને કર્મ દ્વારા મા ભગવતીની ગતિવિધિનું કાંઈક દર્શન અને જ્ઞાન મેળવી શકાય છે. કારણ કે એ વસ્તુઓ વધારે સુરેખ અને મર્યાદિત હોવાથી આપણે માટે વધારે સુગમ હોય છે. ('મા' પુસ્તક : પૃ. ૩૪-૩૫)

*

# શ્રી અરવિન્દ શ્રી માતાજી વિશે

**જીવનયાત્રા માટે બે વસ્તુઓની જરૂર છે.**

સર્વ પ્રકારના ભય, જોખમો અને આપત્તિઓની સામે સજ્જ થઈને જીવનયાત્રા કરવા માટે ફક્ત બે જ વસ્તુઓની જરૂર છે, અને એ બન્ને હમેશાં એકબીજાની સાથે જ રહેતી હોય છે. એક દિવ્ય માતાજીની કરુણા અને બીજી તમારા તરફથી શ્રદ્ધા, સહૃદયતા અને સમર્પણ ભાવથી પૂર્ણ એવી તમારી અંતરની અવસ્થા, તમારી શ્રદ્ધા વિશુદ્ધ, નિખાલસ અને સંપૂર્ણ હો. માનસિક અને પ્રાણમય સત્‌માં અહં-પ્રધાન શ્રદ્ધા હોય છે તે મહત્ત્વાકાંક્ષા, ગર્વ, મિથ્યાભિમાન, માનસિક દર્પ, પ્રાણની સ્વચ્છંદવૃત્તિ, અંગત માગણીઓ, અધોમુખ પ્રકૃતિના ક્ષુદ્ર સંતોષ માટેની કામના વગેરેથી કલુષિત થયેલી હોય છે અને એ શ્રદ્ધાની શિખા ઊતરતા પ્રકારની અને ધુમાડાવાળી—ધૂંધવાતી શિખા છે તેથી તે સ્વર્ગ પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરી શકતી નથી. તમારું જીવન તમને આપવામાં આવ્યું છે તે પ્રભુનું કાર્ય કરવા માટે અને પ્રભુના આવિર્ભાવમાં સહાયભૂત થવા માટે આપવામાં આવ્યું છે એ ભાવે એને જુઓ અને સમજો. કશાની કામના કરો નહિ,—કેવળ પ્રભુની દિવ્ય ચેતનાની વિશુદ્ધિ, શક્તિ, જ્યોતિ, વિશાળતા, સ્થિરતા તથા આનંદની પ્રાપ્તિને માટે કામના કરો,—તથા એ દિવ્ય ચેતનામાં તમારાં મન, પ્રાણ અને શરીરનું રૂપાંતર કરવાનો અને એ કરણોને પૂર્ણતા પ્રાપ્ત કરાવવાનો જે આગ્રહ હોય છે તે તમારામાં જાગે એટલી જ કામના કરો. કશું જ માગો નહિ, ફક્ત દિવ્ય આધ્યાત્મિક, વિજ્ઞાનમય સત્યની પ્રાપ્તિને માટે માગણી કરો, તથા પૃથ્વી ઉપર, તમારી પોતાની અંદર અને જેમને એનો સાદ થયો છે તેમનામાં, તથા જેમને એ કાર્ય માટે પસંદ કરવામાં આવ્યા છે તે સઘળામાં એ સત્યનો સાક્ષાત્કાર સ્થાપન થાય એટલું જ માગો. વળી અહીં એનું સર્જન થાય તે માટેની તથા સર્વે વિરોધી શક્તિઓની સામે એનો વિજય થવા માટેની જે શરતો હોય તે પૂરી થાય એટલી જ માગણી કરો.

તમારી દિલની સચ્ચાઈ અને સમર્પણ સો ટચનાં અને સમગ્ર થવા દો. જ્યારે જાતનું સમર્પણ કરો ત્યારે સંપૂર્ણપણે જાતને આપી દો, કોઈ જાતની માગણી વગર, શર્ત વગર, નિઃશેષપણે, એટલે કે, તમારી અંદર જે કાંઈ 'તમારું' છે તે મા ભગવતીનું થઈ રહેશે, અને 'અહં' માટે કશું જ બાકી રહેશે નહિ, અથવા તો બીજી કોઈ શક્તિને કશું આપવામાં આવશે નહિ.

તમારી શ્રદ્ધા, દિલની સચ્ચાઈ, અને સમર્પણ એ ત્રણે વસ્તુઓ જેમ જેમ વધારે સંપૂર્ણ થતાં જશે તેમ તેમ માની કરુણા અને સંરક્ષણ તમારી સાથે વધારેને વધારે રહેશે તથા તમને વધારેને વધારે મળી શકશે. અને દિવ્ય મહાશક્તિ માની કરુણા અને

રક્ષણ તમારી આજુબાજુ હોય, તો પછી તમને કોણ આંગળી પણ અડકાડી શકે તેમ છે? અથવા તો, તમને કોનો ભય હોઈ શકે? એની કરુણા અને રક્ષણનો સ્વલ્પ અંશ પણ તમને સઘળી મુશ્કેલીઓ, બાધાઓ અને જોખમોમાંથી સહીસલામત પાર કરશે. એ વસ્તુઓની પૂરેપૂરી સન્નિધિ તમારી આજુબાજુ હોય તો તમે કોઈ પણ જોખમ પ્રત્યે ઉદાસીન રહીને, આ જગતની કે અન્ય જગતોમાંથી આવતી ગમે તેવી સમર્થ શત્રુતાથી, વિરોધિતાથી તદ્દન અસ્પર્શ્ય રહીને તમારે માર્ગે સલામત જઈ શકો છો કારણ કે તે માર્ગ મા ભગવતીનો પોતાનો જ હશે. એનો સ્પર્શ મુશ્કેલીઓને સુયોગમાં ફેરવી નાંખી શકે છે, નિષ્ફળતાને સફળતામાં અને નિર્બળતાને અમોઘ સામર્થ્યમાં પલટાવી નાંખે છે. કારણ કે મા ભગવતીની કરુણા એટલે પરમ ઈશના અનુમોદનની મુદ્રા સમજવી અને આજે કે કાલે, વર્તમાનમાં કે ભાવિમાં એની અસર ખાતરીબંધ થનારી છે, એક નિર્માણ થઈ ચૂકેલી વસ્તુ છે, અનિવાર્ય છે, અને અવિરોધ્ય છે. (‘મા’ પુસ્તિકા : પૃ. ૧૫-૧૮)

**રૂપાંતર માટે ત્રણ વસ્તુઓ જરૂરની છે.**

જો તમારે આ રૂપાંતર પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો કોઈ પણ પ્રકારનો વિરોધ કર્યા વગર કે ખોટાં બહાનાં કાઢ્યા વિના તમારી જાતને મા ભગવતી અને તેની શક્તિઓના હાથમાં સોંપી દો. અને તમારા અંતરમાં તેને પોતાનું કામ નિર્વિઘ્નપણે કરવા દો. તમારામાં ત્રણ વસ્તુઓ હોવી આવશ્યક છે : સચેતનતા, નમનીયતા અને અશેષ સમર્પણ. તમારે તમારા મનમાં, અંતરાત્મામાં, તથા હૃદયમાં અને પ્રાણમાં, છેક તમારા શરીરના અણુએ અણુમાં—પ્રત્યેક કોષમાં—સચેતન બનવું જોઈએ, તમારામાં મા ભગવતી અને તેની શક્તિઓનું તથા તમારામાં થઈ રહેલા તેમના કાર્યનું તમને ભાન થવું જોઈએ. કારણ કે તમારી અજ્ઞાનાવસ્થામાં તેમ જ તમારા અચેતન ભાગોમાં અને અજ્ઞાની ક્ષણોમાં પણ મા ભગવતી કાર્ય તો કરી શકે છે, અને કરતી પણ હોય છે, છતાં પણ તમે મા ભગવતી સાથે જાગ્રત અને જીવંત સંબંધમાં હો તો એ કાર્યમાં ઘણો ફેર પડી જાય છે. તમારી સમગ્ર પ્રકૃતિ મા ભગવતીના સ્પર્શથી ઘડાવાને તત્પર એવી મુલાયમ થઈ જવી જોઈએ. એટલે કે આત્મસંતોષી અને અજ્ઞાની મન જે રીતે શંકાઓ, પ્રશ્નો અને વાદવિવાદ કરે છે તથા પોતામાં જ્ઞાનની જાગ્રતિનું અને પ્રકૃતિના રૂપાંતરનું—પરિવર્તનનું—પોતે જ શત્રુ બને છે તેવું તમે ન થવા દેશો. વળી, માનવમાં રહેલો પ્રાણ જેમ પોતાની જ વૃત્તિઓને વળગી રહેવાનો દુરાગ્રહ કરે છે, તથા હરેક દિવ્ય અસરની સામે પોતાની ઉચ્છૃંખલ કામનાઓ અને દુષ્ટ વૃત્તિઓને સતત વિરોધી તરીકે મૂક્યા જ કરે છે તેવું ન થવા દેશો. તેવી જ રીતે, માણસની સ્થૂલ ચેતના પોતાની અશક્તિ, જડતા અને તમસમાં ચોંટીને ચીટકી રહીને બાધા નાંખે છે, તથા પોતાનાં અજ્ઞાન અને ક્ષુદ્રતામાંથી મળતા રસને વળગી રહી પોતાના નિષ્પ્રાણ, સ્થૂલ એવા નિત્યના જીવનવ્યવહારની ઘટમાળમાંથી કે શુષ્ક આળસ કે તામસિક નિદ્રામાંથી એને આઘાત આપીને જાગ્રત કરનાર પ્રત્યેક સ્પર્શ સામે તે જે

રીતે બુમરાણ કરી મૂકે છે તેમ તમે ન કરવા દેશો. તમારા બાહ્ય અને આંતર જીવનનું સર્વભાવે સમર્પણ થતાં તમારી પ્રકૃતિનાં સઘળાં કરણોમાં ઉપર જણાવી તેવી નમનીયતા —મુલાયમપણુ આવી જશે. ઊર્ધ્વ ભૂમિકામાંથી નીચે વળી આવતાં જ્ઞાન અને જ્યોતિ પ્રત્યે, શક્તિ અને સંવાદ પ્રત્યે, તથા સૌંદર્ય અને પૂર્ણતા પ્રત્યે તમારી જાતને ખુલ્લી રાખી શકશો તો તમારામાં સર્વત્ર સચેતનતા પ્રગટી ઊઠશે. તમારું સ્થૂલ શરીર પણ સચેતન બનશે, અને એની અન્નમય ચેતના, પ્રચ્છન્ન રૂપે ન રહેતાં, અતિમનસની —વિજ્ઞાનની ચેતના જોડે ઐક્ય અનુભવશે અને વિજ્ઞાનની શક્તિના પ્રવાહોને ઉપરથી, નીચેથી, અને ચારે બાજુથી પોતાની અંદર વ્યાપી જતા અનુભવશે અને એક પરમ પ્રેમ અને આનંદની અનુભૂતિ પામી રોમેરોમમાં પુલકી ઊઠશે. ('મા' પુસ્તિકા : પૃ. ૭૩-૭૪)

### શ્રી માતાજીની કાર્ય કરવાની રીતો

પરંતુ સાવધાન રહેજો, અને મા ભગવતીને સમજવા માટે કે એના વિશે નિર્ણય કરવા માટે તમારા નાનકડા પાર્થિવ મન વડે પ્રયત્ન કરશો નહિ. માનવનું ક્ષુદ્ર પાર્થિવ મન પોતાનાથી પર રહેલી વસ્તુઓને પણ પોતાનાં પ્રાકૃત ધારાધોરણો પ્રમાણે, પોતાના સંકુચિત તર્ક, અને સ્ખલનશીલ સંસ્કારોને આધારે, પોતાના ઉદ્ધત અને અગાધ અજ્ઞાન પ્રમાણે કે પછી પોતાના ક્ષુલ્લક, આત્મસંતોષી જ્ઞાન પ્રમાણે માપવા ચાહે છે. પોતાના અજ્ઞાનના અર્ધપ્રકાશિત કારાગારમાં પુરાયેલું માનવ મન પરા શક્તિના અનેકદેશીય મુક્ત વ્યાપારોને સમજી શકે તેમ નથી. મા ભગવતીની સૂક્ષ્મ દૃષ્ટિ અને તેની ક્રિયાઓમાં રહેલી શીઘ્રગતિ અને સંકુલતા માનવની લથડતી સમજશક્તિને ક્યાંયે વટાવી જાય છે! એની દિવ્ય ગતિનાં માપ તે કાંઈ માનવમનનાં માપ નથી. મા ભગવતી પોતાનાં વિધવિધ વ્યક્તિ-સ્વરૂપોને જે ઝડપથી બદલે છે, જે રીતે પોતાની ગતિમાં જૂના લયોને પડતા મૂકે છે અને નવા લયોને ઉત્પન્ન કરે છે, જે રીતે પોતાની ગતિને વધારે છે અને મંદ કરે છે, જુદી જુદી વ્યક્તિની સમસ્યાઓને તે જે જુદી જુદી રીતે હાથ ધરે છે, જે રીતે એક વાર તે અમુક દિશાને અનુસરે છે, અને બીજી વાર બીજી જ દિશા લે છે અને વળી પાછી તે બધીને એકત્ર કરી લે છે—આ બધા વ્યાપારોથી માનવ બુદ્ધિ ભ્રમિત બની જાય છે, દિગ્મૂઢ બની જાય છે. અને અજ્ઞાનની મહાજાળને ભેદીને કોઈ પરમ પ્રકાશ પ્રત્યે—ઊર્ધ્વ ધામની અપૂર્વ જ્યોતિ પ્રત્યે—ગરુડ વેગે ચક્કરો લેતી લેતી ગતિ કરતી પરાશક્તિની કાર્યપદ્ધતિને માનવ મન કદી સમજી શકવાનું નથી. તેથી મન વડે એને સમજવાનું બાજુએ મૂકીને તમારા અંતરાત્માને તેના પ્રત્યે અભિમુખ કરો એ વધારે સારું છે. તમારી ચૈત્ય પ્રકૃતિ વડે એનો સ્પર્શ કરીને, તમારી સૂક્ષ્મ દૃષ્ટિ વડે એનું દર્શન કરીને સંતોષ માનો. કારણ કે એ ચૈત્ય=પ્રકૃતિ અને દૃષ્ટિ જ માત્ર સત્યને સીધેસીધાં ઝીલી શકે છે. ત્યાર પછી 'મા' પોતે તમારાં મન, પ્રાણ, હૃદય અને સ્થૂલ ચેતનાને પણ તેમનામાં રહેલા ચૈત્ય અંશો દ્વારા પ્રકાશિત કરશે અને તેમની આગળ પોતાની દિવ્ય પ્રકૃતિનું અને ગતિનું જ્ઞાન પ્રગટ કરશે. ('મા' પુસ્તિકા : પૃ. ૭૬-૭૮)

## સંયોગકારી શક્તિ

પાર્થિવ ચેતનાના વિકાસક્રમમાં વિજ્ઞાનમય રૂપાંતરનું આગમન નિર્માણ થઈચૂક્યું છે,—અનિવાર્ય છે, કારણ કે પાર્થિવ ચેતનાની ઊર્ધ્વ ગતિનો અંત આવી ગયો નથી, અને મન એ કાંઈ તેનું છેલ્લું શિખર નથી. પરંતુ એ રૂપાંતર શક્ય બને, અહીં આકાર લે, અને સ્થાયી નીવડે તે માટે અહીં નીચેથી, માનવના અંતરમાંથી ઝંખના જાગવી જોઈએ. અને જ્યારે તે દિવ્ય પ્રકાશ આવે ત્યારે તેનો ઇન્કાર કરવો નથી પણ સ્વીકાર કરવો છે એવો સંકલ્પ જન્મવો જોઈએ. અને સામી ઉપરની દિશામાંથી પરમાત્માની પોતાની અનુજ્ઞા મળવી જોઈએ. પરમાત્માની આ અનુજ્ઞા અને માનવ હૃદયની આ ઝંખના એ બેનો સંયોગ કરાવનાર શક્તિ મા ભગવતીની શક્તિ અને તેની સન્નિધિ છે. કોઈ પણ માનવ પુરુષાર્થ અને તપસ્યા નહિ, પરંતુ માત્ર મા ભગવતીની શક્તિ જ માનવ પ્રકૃતિની ઉપર રહેલ ઢાંકણાને તોડી નાંખી શકે છે, એની ઉપરના આવરણને ચીરી શકે છે, માનવ પ્રકૃતિ રૂપી પાત્રને ઘડી શકે છે અને આ તમસ, અસત્ય, મૃત્યુ અને દુઃખના બનેલા જગતમાં સત્યને, પ્રકાશને, દિવ્ય જીવનને અને અમરોના આનંદને લાવી શકે છે.

(‘મા’ પુસ્તિકા : પૃ. ૮૨-૮૩)

## જે જે કોઈ શ્રી માતાજી તરફ વળેલું છે

જે જે કોઈ શ્રી માતાજી તરફ વળેલું છે તે મારો યોગ જ કરે છે. માણસ પોતે પોતાની મેળે પૂર્ણયોગ ‘કરી’ શકે છે - એટલે કે પોતાના જ પ્રયત્ન દ્વારા યોગનાં સર્વ અંગોનો અમલ કરી શકે છે અને તે બધાંને સિદ્ધ કરી શકે છે એમ માનવું એ ઘણી મોટી ભૂલ છે. કોઈ પણ માનવપ્રાણી આ કરી શકે તેમ નથી. સાધકે પોતે જે કરવાનું છે તે આ કે તે પોતાની જાતને શ્રી માતાજીના હાથમાં મૂકી દે અને સેવા દ્વારા, ભક્તિ દ્વારા, અભીપ્સા દ્વારા પોતાની જાતને શ્રી માતાજી પ્રત્યે ખુલ્લી કરે. એમ થતાં શ્રી માતાજી તેનામાં પોતાના પ્રકાશ અને શક્તિ વડે કામ કરવા લાગે છે અને તે રીતે સાધના થવા લાગે છે. વળી પોતે એક મહા પૂર્ણયોગી થવું છે કે અતિમનસ વ્યક્તિ બનવું છે એવી મહત્ત્વાકાંક્ષા સેવવી તેમ જ પોતે આ સિદ્ધિ તરફ કેટલે સુધી પ્રગતિ કરી છે તે જાણવા માગવું એ ભૂલ છે. સાધક માટે ખરું વલણ તો એ છે કે તે કેવળ શ્રી માતાજી પ્રત્યે પોતાની નિષ્ઠા વાળેલી રાખે, તેમને જ સમર્પિત બની રહે તેમ જ શ્રી માતાજી તેને જે બનાવવા ઇચ્છે તે બની રહેવાની પોતે ઇચ્છા રાખે. આ સિવાયની બીજી વસ્તુઓનો નિર્ણય કરવો અને તમારામાં તે કરી આપવી એ શ્રી માતાજીનું કાર્ય છે. (CWSA 32 : 151-52)

**શ્રી અરવિન્દ**

*

## શ્રી માતાજી હંમેશાં હાજર હોય છે

**પ્રશ્ન :** અમુક સમયે હું શ્રી માતાજીથી ઘણો દૂર થઈ ગયો છું એવી લાગણી શા માટે અનુભવું છું ? હું શ્રી માતાજી સતત મારી સાથે જ છે એવી લાગણી અનુભવી શકું એવી મારી ઈચ્છા છે.

**ઉત્તર :** શ્રી માતાજી હંમેશાં ત્યાં તમારી સાથે જ છે. તેઓની સંનિધિની સતત અનુભૂતિ કરવા માટે તમારે અજ્ઞાનનાં બળોને દૂર ફેંકી દેવાં જોઈએ.

*

**પ્રશ્ન :** આપે કહ્યું છે કે : 'હમેશાં એવી રીતે વર્તો કે જાણે શ્રી માતાજી તમને જોઈ રહ્યાં છે, કારણ કે સાચે જ તેઓ હમેશાં હાજર છે.' તો તેઓ તમારા નાના નાના ક્ષુદ્ર વિચારોને પણ શું હમેશાં જાણે છે અથવા તો તેઓ તે અંગે એકાગ્રતા કરીને જ તે જાણે છે ?

**જવાબ :** શ્રી માતાજી હમેશાં હાજર છે અને તમને જોઈ રહેલાં છે : એનો અર્થ એમ નથી કે તેમના સ્થૂલ મનમાં તેઓ હમેશાં તમારો વિચાર કર્યા કરે છે અને તમારા વિચારોને જોયા કરે છે. એમ કરવાની જરૂર પણ નથી. કારણ કે તેઓ સર્વત્ર આવી રહેલાં છે અને પોતાના વિશ્વ-જ્ઞાન દ્વારા તેઓ હર સ્થળે સક્રિય છે.

*

મને એવું લાગે છે કે આપણા વિચારો જેટલા વધુ શ્રી માતાજીને જણાવીએ તેટલા આપણે શ્રી માતાજીની શક્તિ પરત્વે આપણને વધુ અભિમુખ કરીએ છીએ અને એ રીતે આપણું સમર્પણ વધુ અસરકારક થતું હોય છે ? શું હું સાચો છું ?

હા, તદ્દન સાચું.

*

**પ્રશ્ન :** 'માતાજી સર્વત્ર હાજર છે' તે ક્યા અર્થમાં ? સ્થૂળ ભૂમિકા પર જે જે બનાવો બનતા રહે છે તે સર્વ વિશે તેઓને શું માહિતી હોય છે ?

**ઉત્તર :** લોઈડ જ્યોર્જે આજે સવારે નાસ્તામાં શું લીધું ? અને રૂઝવેલ્ટે નોકરોની બાબતે પોતાની પત્નીને શું કહ્યું એ બધું જ માતાજીએ જાણવું જોઈએ ? સ્થૂળ ભૂમિકા પર બનતી બધી ઘટનાઓની માનવો રાખે છે તે પ્રકારની માહિતી માતાજીએ શા માટે રાખવી જોઈએ ? તેઓએ દેહ ધારણ કર્યો છે તે વૈશ્વિક બળોની લીલાને સમજવા (જાણવા) માટે અને એ બળોને પોતાનાં કાર્યમાં પ્રયોજવા માટે; બાકી બાબતો અંગે, તો જે વસ્તુને જાણવાની જરૂર હોય છે તેની માહિતી તેઓ મેળવી જ લેતાં હોય છે; કોઈક વખત આંતર સ્વરૂપના માધ્યમથી, તો કોઈક વાર સ્થૂળ મન દ્વારા. માતાજીના વૈશ્વિક સ્વરૂપમાં બધું જ જ્ઞાન ઉપલબ્ધ હોય છે જ, પરંતુ જેની જેટલી જરૂર હોય છે તેટલી જ વસ્તુને તેઓ બહાર લાવે છે, જેથી કાર્ય સંપન્ન થઈ શકે.

*

**પ્રશ્ન :** આપે લખ્યું છે 'હંમેશા એ રીતે વર્તો કે માતાજી તમને જોઈ રહ્યાં છે, કારણ કે તેઓ હંમેશા હાજર હોય છે જ'. આપે મને એ પણ સમજાવ્યું હતું કે એનો અર્થ એવો નથી થતો કે માતાજી સર્વત્ર શારીરિક સ્વરૂપે (Physically) હાજર હોય છે, કારણ કે એ અશક્ય છે. પરંતુ મેં જ્યારે માતાજીને આ અંગે પૂછ્યું તો તેઓએ જણાવ્યું હતું કે 'તેઓ' 'જાતે' (Personally) બધી જગ્યાએ હાજર હોય છે' આ બે વિરોધાભાસી કથનોનો મેળ કઈ રીતે બેસાડવો ?

**ઉત્તર :** શારીરિક સ્વરૂપે (Physically) નો અર્થ જો તમે એમ કરતા હો કે સ્થૂળ સ્વરૂપે, એમના દૃશ્યમાન, સ્પર્શગમ્ય, ભૌતિક શરીરમાં, તો એ તો દેખીતું જ છે કે એ શક્ય નથી. તમે જ્યારે માતાજીને પૂછયું હતું ત્યારે તમને આ વસ્તુ અભિપ્રેત છે એમ તેઓ સમજ્યા ન હતાં - તેઓએ જણાવ્યું હતું કે 'પોતે સર્વત્ર હાજર રહી શકે છે' અલબત્ત, તેમના કહેવાનો અર્થ એ હતો કે ચેતના સ્વરૂપે તે સર્વત્ર હાજર રહી શકે છે. જે અસ્તિત્વ રૂપે છે તે છે ચેતના, નહિ કે શરીર, શરીર તો ચેતનાના કાર્ય માટે એક સાધન છે. આધાર છે. માતાજી 'જાતે' પોતાની ચેતનામાં હાજર હોઈ શકે છે. વૈશ્વિક હાજરી, અલબત્ત, હંમેશા હોય છે જ, અને વૈશ્વિક તથા વ્યક્તિગત એ એક સ્વરૂપનાં બે પાસાંઓ છે.

*

## શ્રી માતાજીની શક્તિ એ છે દિવ્ય શક્તિ

**પ્રશ્ન :** તમે ઘણી વખત શ્રી માતાજીની શક્તિ વિશે જણાવતા રહો છો. એ શક્તિ શું છે ?
**ઉત્તર :** એ છે દિવ્ય શક્તિ જે અજ્ઞાનને દૂર કરવા તેમ જ પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પરિવર્તિત કરી દેવા કાર્ય કરતી હોય છે.

હું જ્યારે શ્રી માતાજીની શક્તિની વાત કરું છું ત્યારે તે પ્રકૃતિની શક્તિ અંગે નથી હોતી. પ્રકૃતિની શક્તિમાં તો અવિદ્યાના પદાર્થો આવી રહેલા હોય છે, જ્યારે શ્રી માતાજીની શક્તિ તે પ્રકૃતિની શક્તિ કરતાં પણ ઉચ્ચ એવી પરમાત્માની શક્તિ છે અને પ્રકૃતિનું રૂપાંતર કરવાને તે ઉપરથી નીચે આવી રહેલી છે.

*

## શ્રી માતાજીની સતત સહાય

શ્રી માતાજીની સહાય તો હમેશાં રહેલી જ છે પરંતુ તમે તેને વિશે સભાન નથી હોતા. તમારો અંતરાત્મા સક્રિય હોય છે અને ચેતના ઉપર આવરણ આવી ગયેલું નથી હોતું ત્યારે તમને આ સહાય જણાય છે. તમારામાં સૂચનો ઊઠતાં રહે છે એનો અર્થ એ નથી કે આ સહાય ચાલી ગયેલી હોય છે. સૂચનો તો બધામાં ઊઠતાં રહે છે, મોટામાં મોટા સાધકોને તેમ જ અવતારોને પણ એમ થાય છે, — બુદ્ધ તથા ક્રાઈસ્ટને આવાં સૂચનો

આવેલાં હતાં. વળી વિઘ્નો પણ હોવાનાં જ — એ બધાં પ્રકૃતિનો એક ભાગ છે અને તેમને જીતવાનાં રહે છે. એટલે સાધકે જે કરવાનું છે તે એ કે આ જે સૂચનો આવે તેનો તે કદી સ્વીકાર ન કરે, એ સૂચનો તે સત્ય પોતે છે, યા તો તે પોતાના જ વિચારો છે એમ ન ગણી લે, એ સૂચનોનું સાચું સ્વરૂપ ઓળખી લે અને તેમાંથી પોતાની જાતને અલગ કરી લે. વિઘ્નો તે માનવની પ્રકૃતિ — કે જેને આપણે બદલવાની છે તેના યંત્રમાં રહેલી કોઈક ખામીઓ છે એ રીતે જોવાવાં જોઈએ. એ પાપ રૂપ છે યા તો ખોટી ક્રિયાઓ છે એમ ન ગણવું જોઈએ. વિઘ્નોને જો આ રીતે પાપ રૂપ કે અસત્ય રૂપ ગણવામાં આવે તો માણસ પોતાને વિશે તેમ જ સાધનાને વિશે નિરાશ જ બની જાય.

*

શ્રી માતાજીની સહાયને ઝીલવા જે તૈયાર હોય છે તેમને માટે એ સહાય હમેશાં હાજર છે. પરંતુ તમારે તમારી પ્રાણમય પ્રકૃતિ વિશે સભાન બનવું જોઈએ અને આ પ્રાણમય પ્રકૃતિએ પોતે પણ બદલાવા માટે સંમત થવું જોઈએ. તમે માત્ર એટલું નિરીક્ષણ કરીને બેસી રહો કે આ પ્રાણ તો બદલાવાને તૈયાર નથી, તેમ જ એને જ્યારે કોઈ વિરોધનો ભેટો થાય છે ત્યારે તે તમારામાં વિષાદ ઉત્પન્ન કરે છે તેથી કાંઈ લાભ નથી. પ્રાણમય પ્રકૃતિ બદલાવા માટે પ્રથમ તો કદી તૈયાર હોતી નથી, તેમ જ તેને જ્યારે નિષ્ફળતા યા વિરોધ મળે છે, યા તો બદલાવાનું કહેવામાં આવે છે ત્યારે તે પોતે બળવો જગાવે છે યા તો સંમત થવાની ના પાડે છે અને એ રીતે આવો વિષાદ તે ઉત્પન્ન કરે છે. તમારે એ પ્રાણ સત્યનો સ્વીકાર કરતો બને, તેમ જ રૂપાંતર પામવા માટે તથા શ્રી માતાજીની સહાય અને કૃપાને સ્વીકારવા માટે તૈયાર બને તે રીતનો સતત આગ્રહ તેના ઉપર મૂકવાનો રહે છે. મન જો ખરેખર સચ્ચાઈવાળું હશે અને અંતરાત્માની અભીપ્સા પૂરેપૂરી અને સાચી હશે તો પછી પ્રાણને હમેશાં બદલાવી શકાય છે. (CWSA 32 : 294)

**શ્રી અરવિન્દ**

*

સમર્પણ શ્રી માતાજીને જ કરવાનું છે — શક્તિને પણ નહિ, માત્ર શ્રી માતાજીને જ. (CWSA 32 : 147)

*

તમારી જાતને શ્રી માતાજી પ્રતિ ખુલ્લી રાખો, હંમેશાં એમનું સ્મરણ કરો અને તેમની શક્તિને તમારી અંદર કાર્ય કરવા દો. અન્ય સર્વ અસરોનો પરિત્યાગ કરી દો, આ છે — યોગ માટેનો નિયમ. (CWSA 29 : 109)

*



**શ્રી માતાજી**

**પ્રશ્ન :** આપના પુસ્તક 'મા' ('The Mother') માં આપે શ્રી માતાજીની (આપણાં માતાજીની) જ વાત કરી છે ને ?

**જવાબ :** હા.

**પ્રશ્ન :** શ્રી માતાજી તે 'વિશ્વના આ બે બૃહત્ પથની શક્તિઓને' વિશ્વાતીત અને વિશ્વરૂપ તત્ત્વોને ધારણ કરતાં 'વ્યક્તિ'રૂપ બનેલાં મા ભગવતી જ છે ને ?

**જવાબ :** હા.

**પ્રશ્ન :** તેઓ શું અહીં (આપણી વચ્ચે) આ અંધકાર અને અસત્ય, સ્ખલન અને મૃત્યુની અંદર આપણા પ્રત્યેના ગહન અને મહા પ્રેમને લીધે જ પોતે ઊતરી આવ્યાં નથી ?

**જવાબ :** હા.

*પરમાત્મા જગતમાં સાધનાનો પથ સર કરવા માટે, તેમજ એ પથ માનવોને બતાવવા માટે માનવતાનો આભાસ ધારણ કરે છે, બાહ્ય રીતની માનવ પ્રકૃતિ ધારણ કરે છે. પરંતુ તેથી તે 'દિવ્ય' મટી જતા નથી. પરમાત્માનું આ રીતનું આવવું, પ્રકૃતિને ધારણ કરવી એ એક આવિર્ભાવ જ છે. એ એક વધતી જતી દિવ્ય ચેતનાનો આવિર્ભાવ છે. એમાં જે માનવ છે તે દિવ્ય બને છે એમ નથી. શ્રી માતાજી તેમના બાળપણમાં પણ આંતરિક રૂપે માનવથી પર હતાં. એટલે આ 'ઘણા લોકો' નો મત સાચો નથી.*

**શ્રી અરવિન્દ**

શ્રી માતાજી શ્રી અરવિન્દનાં શિષ્યા નથી. શ્રી માતાજીને મારા જેવો જ સાક્ષાત્કાર અને અનુભૂતિ થયેલ છે.

શ્રી માતાજીની સાધના તેઓ ખૂબ નાનાં હતાં ત્યારથી જ શરૂ થઈ ગઈ હતી. તેમની ઉંમર ૧૨ કે ૧૩ વર્ષની હતી ત્યારે રોજ સાંજે અનેક શિક્ષકો એમની પાસે આવતા હતા અને શ્રી માતાજીને વિધવિધ આધ્યાત્મિક સાધનાઓ શીખવાડતા હતા. એ શિક્ષકોમાં એક શ્યામ, એશિયાની વતની એવી વ્યક્તિ (આકૃતિ) પણ હતી. અને જ્યારે પ્રથમ વખત મળ્યાં ત્યારે તેમણે મને એ શ્યામ, એશિયાની વતની એવી વ્યક્તિ તરીકે તુર્ત જ ઓળખી લીધો હતો. શ્રી માતાજી અહીં આવી શક્યાં અને મારી સાથે એક જ ધ્યેયની પ્રાપ્તિ અર્થે સહયોગ સાધ્યો, તે જાણે કે ઈશ્વરનું વિધાન હતું.

ભારત આવતાં પહેલાં જ શ્રી માતાજીએ બૌદ્ધ યોગમાર્ગ અને ગીતાના યોગમાર્ગમાં નિપુણતા પ્રાપ્ત કરી લીધી હતી. એમનો યોગ એક ભવ્ય સમન્વય પ્રતિ ગતિ ધારણ કરી રહ્યો હતો. એમ થયા બાદ તેઓ અહીં (પોંડિચેરી) પધારે તે સ્વાભાવિક હતું. મારા યોગને મૂર્ત સ્વરૂપ આપવામાં તેમણે મદદ કરી છે અને કરી રહ્યાં છે. એમના વગર આ શક્ય બન્યું ન હોત.

આ યોગમાં (પૂર્ણયોગમાં) બે મહાન સોપાનોમાંનું એક સોપાન છે : શ્રી માતાજીનું શરણ સ્વીકારવું.[1]

**શ્રી અરવિન્દ**

(CWSA : 32 P : 36)

*

## મા ભગવતી અને પ્રકૃતિ

નિમ્ન પ્રકૃતિ અને તેના શક્તિ-તંત્રની સાથે શ્રી માતાજીને એકરૂપ સમજવાં એ ભૂલ છે. પ્રકૃતિ એ જગતમાં માત્ર એક યંત્ર રૂપ જ છે, અને વિશ્વમાંની વિકસી રહેલી અવિદ્યાને કાર્ય કરવા માટે તે રચાયેલું છે. માનવનું અજ્ઞાનમય મન, પ્રાણ યા તો શરીર જે રીતે દિવ્ય પરમાત્મા નથી, તેવી જ રીતે પ્રકૃતિનું યંત્ર પણ મા ભગવતી નથી. બેશક પ્રકૃતિના આ તંત્રની અંદર તેમ જ પાછળ મા ભગવતીનું કાંઈક તત્ત્વ તો આવેલું છે જ, અને વિશ્વ-વિકાસના હેતુ માટે મા ભગવતી તેને ટકાવી પણ રહેલી છે, પરંતુ મા ભગવતી પોતે અવિદ્યામય શક્તિ નથી. તે તો પોતે દિવ્ય ચેતના છે, શક્તિ છે, પ્રકાશ છે, પરા પ્રકૃતિ છે. આપણી મુક્તિ માટે, આપણી દિવ્ય સિદ્ધિ માટે આપણે તેના પ્રતિ વળીએ છીએ. (CWSA : 32 : 62)

*

૧ પછીથી બીજા સોપાન વિશે શ્રી અરવિન્દને પૂછવામાં આવ્યું હતું ત્યારે એમણે જણાવ્યું હતું : 'દિવ્ય જીવન માટેની સાધકની અભીપ્સા.'

# શ્રી માતાજી શ્રી અરવિન્દ વિશે

જગતના ઈતિહાસમાં શ્રી અરવિન્દ જે વસ્તુનું પ્રતિનિધિત્વ કરે છે તે કોઈ ઉપદેશ નથી, એ માત્ર દર્શન પણ નથી. એ તો પરમાત્મા તરફથી થતું સીધેસીધું નિર્ણયાત્મક કર્મ છે.

*

શ્રી અરવિન્દ વિશ્વ માટે દિવ્ય ભાવિની ખાતરી લઈ આવ્યા છે.

*

શ્રી અરવિન્દ કોઈ નવા પંથ કે પ્રણાલીની સ્થાપના કરવા કે પછી જૂના કોઈ પંથ કે પ્રણાલીની હરિફાઈનો ઉદ્દેશ લઈને પણ નથી આવ્યા; તેઓ તો ભૂતકાળને ક્રમી જવાનો માર્ગ દર્શાવવા તેમ જ ઝઝૂમી રહેલા અનિવાર્ય ભાવિ તરફની આપણી યાત્રાનો માર્ગ ખુલ્લો કરી આપવા આવ્યા છે.

*

શ્રી અરવિન્દ જગતને ભવિષ્યની જે સુંદરતાનો સાક્ષાત્કાર કરાવવાનો છે તેની જાણ કરવા માટે આવ્યા હતા. તેઓ માત્ર આશા આપવા નહિ પરંતુ જગત જે ભવ્યતા તરફ ગતિ કરી રહ્યું છે તેની ખાતરી આપવા માટે આવ્યા હતા. જગત એક કમનસીબ અકસ્માત નથી, પરંતુ એક સુંદરતા છે, જે પોતાની અભિવ્યક્તિ પ્રતિ ગતિ કરી રહેલ છે.

*

શ્રી અરવિન્દ ભૂતકાળના કે ઈતિહાસમાંના નથી.

શ્રી અરવિન્દ છે પોતાની સિદ્ધિને માર્ગે આગળ વધી રહેલ ભવિષ્ય.

એટલે આપણે જે ઝડપથી આગળ વધવું જરૂરી છે તે ઝડપ માટે શાશ્વત
યૌવન ધારણ કરવું પડશે અને રસ્તે રસળતા રહીએ તે નહિ ચાલે.

માનવી એ ગઈ કાલનું સર્જન છે.

શ્રી અરવિન્દ આવતી કાલના સર્જનની ઘોષણા કરવા : અતિમાનવ સ્વરૂપના આગમનની ઘોષણા કરવા આવેલા છે.

*

શ્રી અરવિન્દ હંમેશાં આપણી સાથે જ છે.

*

આપણે દેખાવોથી વ્યાકુળ ન થઈ જવું જોઈએ. શ્રી અરવિન્દ આપણને છોડીને ગયા નથી. શ્રી અરવિન્દ અહીં જ છે, પહેલાં જેમ જ જીવંત અને હાજર. અને એમણે

એમનું કાર્ય આપણા દિલની પૂર્ણ સચ્ચાઈ, આગ્રહ અને જરૂરી એકાગ્રતાપૂર્વક સિદ્ધ કરવાનું હવે આપણા ઉપર છોડ્યું છે.


*

પ્રભુ, આજે સવારે આપે મને અભયદાન આપ્યું છે કે આપ આપનું કાર્ય સિદ્ધ નહિ થાય ત્યાં સુધી અમારી સાથે જ રહેશો, અને તે અમને દોરતી તથા પ્રકાશ આપતી એક ચેતના રૂપે જ માત્ર નહિ રહેશો, પરંતુ એક સક્રિય સાંનિધ્ય રૂપે આપ અમારી વચ્ચે કાર્ય કરતા રહેશો. આપે સ્પષ્ટ અને ચોક્કસ શબ્દોમાં મને વચન આપ્યું છે કે આપનું સારુંયે સ્વરૂપ અહીં રહેશે અને જ્યાં સુધી આ પૃથ્વીનું રૂપાંતર સિદ્ધ નહિ થાય ત્યાં સુધી તે પૃથ્વીના વાતાવરણને છોડી જશે નહિ. એટલે આ છે અમારી પ્રાર્થના કે, અમે સૌ આ જગતમાંના આપના આ અદ્‌ભુત સાંનિધ્ય માટે સુયોગ્ય બનીએ, અને હવેથી અમારી અંદરનું એકેએક તત્ત્વ માત્ર એ જ એક સંકલ્પ ઉપર એકાગ્ર બનો કે આપના આ ભવ્ય કાર્યને સિદ્ધ કરવા માટે અમે અમારું વધુને વધુ સંપૂર્ણ સમર્પણ કરતા રહીએ.

*

અમારા ગુરુના નિવાસ રૂપ બનેલા હે પાર્થિવ આવરણ, તારા અમે અપાર અપાર કૃતજ્ઞ છીએ. અને આપને, નમન છે અમારાં આપને ચરણે, હે ગુરુ ! આપે અમારે માટે કેટલું કેટલું કર્યું છે! આપે કાર્ય ઉપાડ્યું, જંગ ખેડ્યા, ઘા વેઠયા, આશાઓ સેવી અને કેટલું કેટલુંયે તપ્યા. હે ગુરુ, આપે વિશ્વની સકલ સિદ્ધિને માટે સંકલ્પ સેવ્યો, એ સર્વને સિદ્ધ કરવાની સાધના આદરી, તૈયારી કરી, અને અમારે માટે સર્વ કંઈ સિદ્ધ કરી આપ્યું. આપને અમારાં નમન છે, અને પ્રાર્થના છે કે આપના પ્રતિનું અમારું આ સર્વ ઋણ અમે કદી પણ, એક ક્ષણ માટે પણ વીસરીએ નહિ.

**શ્રી માતાજી** (CWM : 131 : 3, 4, 6, 7, 17)



**શ્રીમાતાજી – શ્રી અરવિન્દને કોણ સમજી શકે એમ છે ? તેઓ વિશ્વ જેટલા વિરાટ છે અને તેમનું તત્ત્વદર્શન અનંત છે....**
**એમની નજીક પહોંચવા માટેનો માત્ર એક જ માર્ગ છે, અને તે એ કે તેઓ પ્રત્યે સાચા હૃદયનો પ્રેમ રાખવો અને તેઓના કાર્ય માટે પોતાની જાતનું સંપૂર્ણ સમર્પણ કરી દેવું અને આમ કરવાથી જ, શ્રી અરવિન્દે જગતના રૂપાંતરનું જે ભવિષ્યકથન કરેલું છે તે રૂપાંતરના કાર્યમાં વ્યક્તિ પોતાનો ઉત્તમ ફાળો આપી શકે.**

**પ્રશ્ન :** વિશ્વના ઈતિહાસમાં શ્રી અરવિન્દના જન્મને આપે 'શાશ્વત' જન્મ કહેલો છે. આ 'શાશ્વત' શબ્દનો ચોક્કસ અર્થ શું થાય છે?

**શ્રી માતાજી :** એ વાક્યને ચેતનાની ઉત્તરોત્તર ઊંચે ચઢતી જતી ભૂમિકાઓની રીતે, ચાર જુદી રીતે સમજી શકાય છેઃ

૧. શારીરિક રીતે, એમના જન્મનાં પરિણામોની અગત્યતા જગતમાં શાશ્વત કાળ લગી રહેશે.

૨. મનોમય રીતે, એમના જન્મને વિશ્વના ઈતિહાસમાં શાશ્વત કાળ લગી યાદ રાખવામાં આવશે.

૩. ચૈતસિક રીતે, એમનો જન્મ યુગે યુગે વારંવાર થતો રહે છે.

૪. આધ્યાત્મિક રીતે, એ શાશ્વત પરમાત્માનો પૃથ્વી ઉપર જન્મ છે.

*

શ્રી અરવિન્દે માનવશરીરમાં અતિમનસ ચેતનાને મૂર્ત રૂપે ધારણ કરી અને કયા પ્રકારના માર્ગનું અનુસરણ કરવું તથા ધ્યેયની પ્રાપ્તિ માટે એ અનુસરણની પદ્ધતિ પણ તેઓએ દર્શાવી છે. એટલું જ નહિ, પરંતુ પોતાના વ્યક્તિગત સાક્ષાત્કાર દ્વારા આપણને દૃષ્ટાંત પણ પૂરું પાડ્યું છે, આ વસ્તુ સિદ્ધ થઈ શકે એમ છે અને એમ કરવાનો સમય પણ અત્યારે જ છે તેની સાબિતી તેઓએ પૂરી પાડી છે.

*

૧૫ ઑગસ્ટ એ શ્રી અરવિન્દનો જન્મ દિવસ છે. અને માટે જ ભૌતિક દૃષ્ટિબિંદુથી જોતાં એ તારીખ પૃથ્વીના જીવનમાં સૌથી મહત્ત્વની તારીખ છે. (CWM : 8 : 265)

**શ્રી માતાજી**

*

**શ્રી અરવિન્દ સદા સર્વદા આપણી વચ્ચે હાજર છે અને જેઓ તેમને જોવા અને સાંભળવા તત્પર છે તેમની સમક્ષ પોતે પ્રકટ થાય છે.**

**આશીર્વાદ**

**શ્રી માતાજી**

(શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા - પ્રાપ્તિ પ્રસંગે આપેલો સંદેશ)

# શાશ્વત જન્મ

**૧૪ ઓગસ્ટ ૧૯૫૭**

આજે આપણે શ્રી અરવિન્દની સ્મૃતિ ઉપર ધ્યાન ધરીએ. શ્રી અરવિન્દ પૃથ્વીના લોકોને માટે એક મહાન સાક્ષાત્કારની વાત કરવાને આવ્યા હતા, એટલું જ નહિ પણ એ સાક્ષાત્કારને સિદ્ધ કરવાની તપસ્યા પણ એમણે આદરી હતી. અને અત્યારે પણ તેઓ પોતાના નિત્ય તેજોમય, સજીવન અને સક્રિય સ્વરૂપ વડે પોતાની ચેતનામાં એ સાક્ષાત્કારને સિદ્ધ કરી રહેલા છે.

***

**૪ સપ્ટેમ્બર ૧૯૫૭**

શ્રી અરવિન્દના જન્મ દિનને આગલે દિવસે, ૧૪મી ઓગસ્ટે, મેં જે શબ્દગુચ્છનો પ્રયોગ કર્યો હતો તે વિશે મને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તે પ્રશ્ન મને રસપ્રદ લાગ્યો, કારણકે તે એક એવો ગૂઢ શબ્દગુચ્છ વિશે હતો, કે જે ખૂબ સરળીકરણને કારણે લગભગ ન સમજી શકાય તેવો બની જતો હોય છે. તેનો હેતુપૂર્વક તે રીતે પ્રયોગ કરવામાં આવ્યો હતો, જેથી દરેક જણ, પોતપોતાની ચેતનાની ભૂમિકા અનુસાર તે સમજે. એક જ શબ્દને ભિન્ન-ભિન્ન ભૂમિકાઓ ઉપર સમજવાની શક્યતા બાબત મેં ઘણી વાર કહ્યું છે. તે શબ્દો ઈરાદાપૂર્વક સરળીકરણ સાથે, વ્યક્ત કરવામાં આવ્યા હતા, હેતુપૂર્વકની અનિશ્ચિતતા તેમાં રાખવામાં આવી હતી, જેથી તેમને અર્થની જે જટિલતા વ્યક્ત કરવાની હતી તેનું તે વાહન બની શકે.

ભિન્ન ભિન્ન ભૂમિકાઓ પર આ અર્થ જરાક ભિન્ન ભિન્ન હોય છે, પણ તે એકબીજાના પૂરક છે. જ્યારે, એકી સાથે, આ બધી જ ભૂમિકાઓ પર તેને સમજવા માટે માણસ સમર્થ બને છે, ત્યારે જ તે વાસ્તવિક રીતે પરિપૂર્ણ બને છે. સાચી સમજ એ એકી વખતે થતી સમજ હોય છે, જેમાં બધા અર્થો ગ્રહણ થતા હોય છે, એકી સાથે જ પકડાતા, સમજાતા હોય છે. પણ તેમને આપણી ગરીબડી ભાષામાં વ્યક્ત કરવા માટે આપણને તેમને એક પછી એક, ઘણા શબ્દોમાં, અને ઘણી સમજૂતીઓ સાથે, રહેવાની ફરજ પડે છે. હવે હું તેમ જ કરવા માગું છું.

શ્રી અરવિન્દના જન્મદિનને આગલે દિવસે મેં જે શબ્દગુચ્છનો પ્રયોગ કર્યો હતો તે આ હતો, 'શાશ્વત જન્મ' મને પૂછવામાં આવ્યું છે કે, શાશ્વત એટલે શું ?

અલબત્ત, જો શબ્દોનો અક્ષરાર્થ કરવામાં આવે, તો 'શાશ્વત જન્મ. શબ્દ કાંઈ વધારે સૂચવી શકે તેમ નથી. પણ હું તમને એ વાત સમજાવવા માગું છું કે એ અંગે ભૌતિક (શારીરિક) સમજ હોઈ શકે, માનસિક, ચૈત્યિક અને આધ્યાત્મિક સમજ હોઈ શકે.

ભૌતિક રીતે, તે શબ્દગુચ્છનો અર્થ એ છે કે જ્યાં સુધી પૃથ્વી ટકી રહેશે, ત્યાં સુધી આ જન્મનાં પરિણામો ટકી રહેશે. શ્રી અરવિન્દના જન્મનાં પરિણામો પૃથ્વીના સમગ્ર અસ્તિત્વમાં અનુભવાશે. તેથી કાવ્યમય રીતે મેં તે જન્મને 'શાશ્વત' કહ્યો હતો.

માનસિક રીતે, તે એવો જન્મ છે કે જેની સ્મૃતિ સનાતન કાલ માટે ટકી રહેશે. યુગો સુધી શ્રી અરવિન્દના જન્મને તથા તેનાં પરિણામોને લોકો સ્મૃતિમાં રાખશે.

ચૈતસિક રીતે, તે એવો જન્મ છે, કે જે સનાતન કાળ માટે, એક યુગથી બીજા યુગમાં, વિશ્વના ઈતિહાસમાં વારંવાર બનતો રહેશે. આ જન્મ પૃથ્વીના ઈતિહાસમાં અવાર નવાર, એક યુગથી બીજા યુગમાં, પ્રગટ થતો રહે છે. તે જન્મનું જ પુનરાવર્તન થતું હોય છે, તે દરેક વખતે કાંઈક નવીન વધારેની વસ્તુ લઈ આવતો હોય છે, વધારે પરિપૂર્ણ વસ્તુ લઈ આવતો હોય છે, પણ તે એ જ અવતરણ ગતિ હોય છે, પાર્થિવ શરીરમાં જન્મની, આવિર્ભાવની ગતિ હોય છે.

શુદ્ધ આધ્યાત્મિક દષ્ટિબિન્દુથી જોતાં, એમ કહી શકાય કે પૃથ્વી પર તે સનાતનનો જન્મ છે. જ્યારે દરેક વખતે અવતાર ભૌતિક રૂપ ધારણ કરે છે ત્યારે તે પૃથ્વી પર સનાતનનો પોતાનો જન્મ હોય છે.

આ બધાનો સમાવેશ મેં બે શબ્દોમાં કર્યો હતો : 'સનાતન જન્મ.'

છેવટે હું તમને સલાહ આપું છું કે ભવિષ્યમાં ''શા માટે ? આનો અર્થ શો ? મને તે બિલકુલ સમજાતું નથી. કદાચ તેને યોગ્ય રીતે વ્યક્ત કરવામાં આવ્યું નથી.'' તમારે તમારી જાતને કહેવું જોઈએ કે ''કદાચ હું સમજી શકું તેવી ભૂમિકા પર હું નથી.'' અને માત્ર શબ્દો કરતાં કાંઈક વધારે, શબ્દોની પીઠમાં રહેલી વસ્તુને ખોળી કાઢવા તમારે પ્રયત્ન કરવો જોઈએ.

મને લાગે છે કે આપણા ધ્યાન માટે આ સારો વિષય બની રહેશે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૯ - પેજ ૧૭૦-૭૧)

*

**અવતાર**

પૃથ્વીના ઈતિહાસના આરંભકાળથી તે આજ સુધી પાર્થિવતાના રૂપાંતરના જે મહાન બનાવો બન્યાં છે તે તમામ બનાવોમાં શ્રી અરવિન્દ એક રૂપે યા બીજા રૂપે, એક નામ હેઠળ કે બીજા નામ હેઠળ અધ્યક્ષ પદે રહેલા છે. (CWM 13 : 10)

*

**શાશ્વત વિજય**

શ્રી અરવિન્દે ઉપાડેલું પરિવર્તનનું વિરાટ કાર્ય અવશ્ય સફળ નીવડવાનું જ છે એ

શ્રદ્ધામાંથી તમે એક ક્ષણ માટે પણ ચલિન ન થશો. કારણ કે એ ખરેખર એક સાચી જ હકીકત છે : આપણે હાથ ધરેલા કાર્યનું શું પરિણામ આવશે તે બાબતમાં રજ માત્ર શંકાને સ્થાન નથી... એ રૂપાંતર થવાનું જ છેઃ કોઈ ચીજ એને અટકાવી શકવાની નથી, પ્રભુની સર્વશક્તિમાન સત્તાએ આ વસ્તુ નક્કી કરેલી છે અને એ નિર્માણને કોઈ પણ ચીજ મિથ્યા કરી શકવાની નથી. એટલે તમારામાંથી હરેક પ્રકારની અશ્રદ્ધાને અને નિર્બળતાને તમે બહાર ફેંકી દો. આ લાંબી લડાઈ એક દિવસે એક સદાયના શાશ્વત વિજયમાં પલટાઈ જવાની છે. અને એ મહાન દિવસ ઊગે ત્યાં સુધી થોડો વખત વીરતાપૂર્વક ટકી રહેવા માટે દૃઢ નિશ્ચય કરી લો. (CWM 13 : 22)

શ્રી માતાજી

*

આવિર્ભાવની શાશ્વતીમાં દરેક અવતાર ભાવિમાં પ્રગટ થનાર એક વધુ પૂર્ણ રીતના સાક્ષાત્કારનો કેવળ અગ્રગામી અને એનો સંકેત આપનાર હોય છે.

અને છતાં માનવોમાં ભવિષ્યના અવતારની વિરુદ્ધ ભૂતકાળના અવતારને પૂજવાની વૃત્તિ હંમેશા રહેલી છે.

હવે શ્રી અરવિન્દ ફરીથી વિશ્વને આવતીકાલની સિદ્ધિનો સંકેત આપવા આવ્યા છે; અને ફરીથી એમનો સંદેશ, ભૂતકાળની જેમ જ, તેમના અગ્રગામીઓના થયેલા વિરોધની જેમ વિરોધ અનુભવી રહ્યો છે.

પરંતુ તેમણે જે દર્શન રજૂ કર્યું છે તેની સત્યતા ભવિષ્ય પુરવાર કરી બતાવશે અને એમનું કાર્ય સિદ્ધ થશે જ. (CWM 13 : 22)

*


પ્રશ્ન : એક વખત અતિમાનસ ચેતના પૃથ્વી ઉપર દૃઢપણે પ્રસ્થાપિત થઈ જાય પછી પણ અવતારોને પૃથ્વી ઉપર જન્મ ધારણ કરવાની જરૂર રહેશે ખરી?

ઉત્તર : પૃથ્વી પરનાં સજીવ સ્વરૂપોમાં અતિમનસ જ્યારે આવિર્ભાવ પામશે ત્યારે આ પ્રશ્નનો ઉત્તર આપવાનું સહેલું બનશે.

મેં હંમેશાં એમ સાંભળ્યું હતું કે 'શ્રી અરવિન્દ છેલ્લો અવતાર હતા' પણ કદાચ, તેઓ માનવી શરીરમાંનો છેલ્લો અવતાર હતા – પછી, આપણે જાણતા નથી.

(CWM 10 : 253)

*



## ૧૫ ઓગસ્ટ, ૧૯૭૧નો શ્રી માતાજીનો સંદેશ

(ઓલ ઈન્ડિયા રેડિયો, પોંડિચેરીને પ્રસારણ માટે આપેલો સંદેશ)

આજે શ્રી અરવિન્દની જન્મશતાબ્દી વર્ષનો પ્રથમ દિવસ છે. શ્રી અરવિન્દે પોતાના શરીરનો ત્યાગ કર્યો હોવા છતાં તેઓ હજુ પણ આપણી સાથે છે, જીવંત અને સક્રિય.

શ્રી અરવિન્દ ભવિષ્ય સાથે સંકળાયેલા છે અને તેઓ ભવિષ્યના સંદેશવાહક છે. ઈશ્વરીય સંકલ્પ દ્વારા નિર્મિત સુંદર ભાવિને મૂર્ત કરવાનું કાર્ય ઝડપી બનાવવા માટે કયા માર્ગનું અનુસરણ કરવું તેનું માર્ગદર્શન હજુ પણ તેઓ કરી રહ્યા છે.

માનવજાતિની પ્રગતિ માટે તેમ જ ભારતના ઉજ્જવળ ભાવિ માટે જેઓ સહકાર સાધવા માગતા હોય તેવા સૌ કોઈએ આ અલૌકિક અભીપ્સા અને ઉન્નત કાર્યમાં એક થઈ સહકાર સાધવો જોઈએ.

**શ્રી માતાજી**

*

**પ્રશ્ન :** જે લોકો શ્રી અરવિન્દ અને શ્રી માતાજી સાથે જોડાયેલા છે તે લોકો શ્રી અરવિન્દની જન્મશતાબ્દીની ઉજવણી શ્રેષ્ઠ રીતે કેવી રીતે કરી શકે?
**ઉત્તર :** અભીપ્સા કરો અને સત્યનિષ્ઠ બની રહો. અને તમારા પ્રયાસોમાં અડગ રહો.

*

**પ્રશ્ન :** સામાન્ય લોકો શ્રી અરવિન્દની જન્મશતાબ્દીની ઉજવણી કઈ રીતે સારી રીતે કરી શકે?
**ઉત્તર :** સમજશક્તિ કેળવવામાં પ્રગતિ કરવાનો પ્રયત્ન કરીને. (CWM 13 : 14)

*

શ્રી અરવિન્દની ચેતના પરત્વે અભિમુખ થાઓ અને એને તમારા જીવનનું રૂપાંતર કરવા દો. (CWM 13 : 14)

*

શ્રી અરવિન્દ જગતને તેના સુંદર ભાવિની સિદ્ધિનો પયગામ આપવા આવેલા છે.

તેઓ સુંદર ભાવિની માત્ર આશા પ્રકટાવવા જ નથી આવ્યા, જગત જે પ્રભાવંત મહિમા તરફ ગતિ કરી રહ્યું છે તેની ખાતરી આપવા તેઓ આવેલા છે. જગત એ કંઈ કમનસીબ અકસ્માત નથી, જગત એક સુંદરતા છે જે પોતાની જાતને અભિવ્યક્ત કરવા મથી રહેલી છે.

જગતને અત્યારે સારા ભાવિની ખાતરી જોઈએ છે.

શ્રી અરવિન્દ જગતને એ ખાતરી આપવા જ આવેલા છે.

*

શ્રી અરવિન્દ એક દેશના જ નહિ સમગ્ર પૃથ્વીના છે. એમનું તત્ત્વદર્શન આપણને વધુ સુંદર ભવિષ્ય પ્રતિ દોરી જાય છે.

*

શ્રી અરવિન્દ આપણને એમ કહેવાને આવેલા કે, ‘‘સત્યને શોધવા માટે પૃથ્વીને છોડવાની જરૂર નથી, પોતાનો આત્મા શોધવા માટે જીવન છોડવાની જરૂર નથી, પ્રભુ સાથે સંબંધ બાંધવા માટે જગતને છોડી દેવાની કે અમુક મર્યાદિત માન્યતાઓ જ ધરાવવાની જરૂર નથી. પ્રભુ સર્વ સ્થળે છે, સર્વ વસ્તુઓમાં છે અને જો તે સંતાયેલા છે તો એનું કારણ એ છે કે આપણે એમને શોધવાની તકલીફ લેતા નથી.’’

*

હું એકમાત્ર શ્રી અરવિન્દની જ શક્તિ છું અને મારાં સર્વ બાળકોની ‘મા’ છું.


મારાં સર્વ બાળકો મારી આત્મસત્તા અને મારી ચેતનાના એકસમાન રીતે ભાગ રૂપ છે. તેઓ જ્યારે રૂપાંતર પામીને પોતાના અંતરતમ સત્યનો સાક્ષાત્કાર કરશે ત્યારે પ્રત્યેકને મારા તેમ જ શ્રી અરવિન્દના કોઈ અંશને અભિવ્યક્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થશે.

જ્યારે  તમે તમારા હૃદયમાં અને વિચારોમાં શ્રી અરવિન્દ અને મારા વચ્ચે કોઈ પણ પ્રકારનો ભેદ નહિ કરો, જ્યારે તમે શ્રી અરવિન્દનો વિચાર કરતા હો ત્યારે મારો વિચાર કરતા હો એમ બને અને તમે જ્યારે મારો વિચાર કરતા હો ત્યારે અનિવાર્યપણે શ્રી અરવિન્દનો વિચાર કરો છો એવું બને, જ્યારે તમે એકને જુઓ ત્યારે બીજાને અનિવાર્યપણે જુઓ છો એમ થાય, જાણે એકની એક વ્યક્તિને જુઓ છો એમ બને, ત્યારે તમને જણાઈ આવશે કે તમે અતિમાનસ શક્તિ અને ચેતના પ્રત્યે ખુલ્લા થવાની શરૂઆત કરી છે.

(CWM 13 : 32)

**શ્રી માતાજી**

*


When in your heart and
thought you will make
no difference between Sri Aurobindo
and me, when to think of Sri Aurobindo
will be to think of me and
to think of me will mean
to think of Sri Aurobindo inevitably,
when to see one will mean
inevitably to see the other, like
one and the same Person, —
then you will know that you
begin to be open to the supramental
force and consciousness.

એક સર્વસાધારણ આવિર્ભાવના પારસ્પારિક અવલંબનમાં સર્વની એકતા જ પૃથ્વી ઉપર નૂતન અને દિવ્ય જગતના સર્જનને અનુમતિ આપશે. પ્રત્યેક (બાળક) પોતાનો હિસ્સો લઈ આવશે; પરંતુ કોઈનો પણ હિસ્સો આપમેળે પૂર્ણ નહિ હોય – સિવાય કે સમગ્રના પારસ્પારિક અવલંબનમાં પ્રત્યેક એક શક્તિ રૂપે હોય.

(વર્ષ ૧૯૨૭ આસપાસ આ લખાણ શ્રી અરવિન્દે લખ્યું હતું.)

(CWM 13 : 32) **શ્રી માતાજી**

*

**એક ચેતના**

શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના વચ્ચેનો વિરોધ એ છે પુરાણા દિવસોની બનાવટ– (એનું શ્રેય ક્ષ, ય અને તે સમયના અન્ય લોકોને ફાળે જાય છે) અને એવા સમયે એ બનાવટ ઊભી કરવામાં આવી હતી જ્યારે શરૂઆતમાં થોડા લોકો અહીં (આશ્રમમાં) હતા અને તે લોકોએ શ્રી માતાજીનો સ્વીકાર કર્યો ન હતો તથા તેમની પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પ્રકટ ન કર્યો હતો. એ જ લોકોએ શ્રી માતાજીનો સ્વીકાર કર્યા બાદ પણ શ્રી માતાજીનો અર્થહીન વિરોધ જારી રાખ્યો હતો અને એ રીતે પોતાને માટે તેમ જ અન્યો માટે મોટું નુકશાન વહોરી લીધું હતું.

*

શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના એ બંને એક જ છે. એક જ દિવ્ય ચેતના બે રૂપે છે, કારણ કે જગતની લીલા માટે એની જરૂર છે. શ્રી માતાજીના જ્ઞાન વિના, તેમની શક્તિ વિના, તેમની ચેતના વિના કાંઈ પણ કરી શકાય તેમ નથી. જો કોઈને સાચેસાચ શ્રી માતાજીની ચેતનાનો અનુભવ થતો હોય તો તેણે જાણવું જોઈએ કે એ ચેતનાની પાછળ હું ઊભો છું. અને જો કોઈને મારી અનુભૂતિ થતી હોય તો જાણવું કે તેની પાછળ શ્રી માતાજી છે. (CWSA 32 : 79)

*

શ્રી માતાજીના અને મારા માર્ગની વચ્ચે કોઈ ફેર નથી. અમારા બંનેનો માર્ગ એક જ છે, અને હંમેશાં તે એક જ રહેલો છે. એ માર્ગ તે અતિમાનસ પરિવર્તન પ્રત્યે તથા પ્રભુના દિવ્ય સાક્ષાત્કાર પ્રત્યે લઈ જનારો માર્ગ છે. માત્ર છેવટે જતાં જ નહિ, પણ છેક આરંભથી જ અમારા માર્ગ એક રહેલા છે.

એક બાજુએ શ્રી માતાજીને મૂકવાં અને મને બીજી બાજુએ મૂકવો, યા તો મને શ્રી માતાજીની સામી બાજુએ મૂકવો કે પછી કોઈ જુદી જ બાજુ પર મૂકવો અને એ રીતે અમારી વચ્ચે ભેદ અને વિરોધ ઊભો કરવાનો પ્રયત્ન કરવો એ અસત્યનાં બળોની એક હમેશની યુક્તિ રહેલી છે. એ બળો જ્યારે કોઈ સાધકને સત્યમાં પહોંચતાં અટકાવવા માગે છે ત્યારે તેઓ હંમેશાં આ યુક્તિ વાપરે છે, આ પ્રકારનાં સર્વ અસત્યોને તમારા મનમાંથી નાબૂદ કરી નાખો.

તમે એ જાણી લો કે શ્રી માતાજીનો પ્રકાશ અને શક્તિ તે પરમ સત્યનો જ પ્રકાશ અને શક્તિ છે. શ્રી માતાજીના આ પ્રકાશ અને શક્તિ સાથે હંમેશાં સંપર્કમાં રહો. તમે એ સંપર્ક પામી શકશો ત્યારે જ તમે દિવ્ય સત્યમાં વિકાસ પામી શકશો. (CWSA 35 : 455-56)

*

## પહેલાંનાં જીવનોનાં જોડાણો

**પ્રશ્ન :** અમે એવાં તો શું પુણ્ય કર્યાં હશે કે અમને, સામાન્ય માનવોને અહીં ઈશ્વરને ચરણે આવવાનો વિરલ વિશેષાધિકાર પ્રાપ્ત થયો છે?

**ઉત્તર :** તમારા આત્માનો સાદ તમને અહીં લઈ આવ્યો છે અને અભીપ્સા પણ ખરી, તેમ જ અગાઉનાં જીવનોમાં મારી તથા શ્રી માતાજી સાથેનું કંઈ જોડાણ પણ ખરું.

**પ્રશ્ન :** મારાં અગાઉનાં જીવનોમાંની કયા પ્રકારની ભક્તિ મને અહીં શ્રી માતાજીનાં ચરણ કમળોમાં લઈ આવી છે?

**ઉત્તર :** ઈશ્વર સાથે એકત્વ કેળવવાની અભીપ્સા અને કદાચ પૃથ્વી પર દિવ્યતાના અવતરણ માટેની અભીપ્સા પણ.

**પ્રશ્ન :** લોકો પ્રભુ-દર્શન માટે સર્વ પ્રકારના પ્રયત્નો કરતા રહેતા હોય છે. અમુક લોકો તો રૂદન કરે છે, રડતા જ રહે છે, રડ્યા જ કરે છે અને છતાં તેઓ પ્રભુ-દર્શન પ્રાપ્ત કરી શકતા નથી. અમે આશ્રમવાસીઓએ કઈ વધુ કર્યું હોય એવું લાગતું નથી અને છતાં અમે અહીં આપની સાથે છીએ. આમ થવાનું કારણ શું?

**ઉત્તર :** આમ થવાનાં અનેક કારણો છે — અગાઉના જીવનમાં શ્રી માતાજી તથા મારી સાથેનું જોડાણ, અગાઉના જન્મો દરમિયાન થયેલો તમારો પ્રકૃતિનો વિકાસ, જેને લઈને તમારી અંદર ઈશ્વરપ્રાપ્તિની ઝંખના જાગ્રત થઈ. અગાઉનાં જીવનોની ભક્તિ, જેનાં ફળ હાલ પાક્યાં છે — અને છેલ્લે ઈશ્વરકૃપા.

*

## ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું કાર્ય

**પ્રશ્ન :** અમે માનીએ છીએ કે આપ તેમ જ શ્રી માતાજી બંને અવતાર છો. પરંતુ શું આ જન્મમાં જ આપ બંનેએ પોતાનું ઈશ્વરત્વ પ્રકટ કર્યું છે ? એમ કહેવાય છે કે આપ તેમ જ શ્રી માતાજી પૃથ્વીના આરંભકાળથી સતત પૃથ્વી ઉપર વિદ્યમાન છો. આપના અગાઉના જન્મોમાં આપ શું કાર્ય કરતાં હતાં?

**ઉત્તર :** ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું કાર્ય.

**પ્રશ્ન :** આપના આટલા સંક્ષિપ્ત પ્રત્યુત્તરને સમજવાનું મારે માટે મુશ્કેલ છે. આપ એને વિગતવાર સમજાવી શકો?

**ઉત્તર :** એમ કરવા માટે મારે આખો માનવ ઈતિહાસ લખવો પડે. હું એટલું જ જણાવી શકું કે ઉત્ક્રાંતિને એના આગળના તબક્કે લઈ જવા માટે જે રીતે વિશિષ્ટ અવતરણો થ તાં હોય છે એ જ રીતે એ દરેક તબક્કે ઉત્ક્રાંતિને આ કે તે દિશામાં લઈ જવા ઈશ્વર તત્ત્વનું કંઈક પણ હંમેશાં પૃથ્વી ઉપર વિદ્યમાન હોય છે જ.

**પ્રશ્ન :** ભૂતકાળમાં જ્યારે આપ બંને બાહ્ય રીતે સામાન્ય માનવી તરીકે પૃથ્વી ઉપર વિદ્યમાન હતા ત્યારે સામાન્ય જનસમૂહ તમને ઓળખી ન શકે એ શકય છે. પરંતુ શ્રી કૃષ્ણ, બુદ્ધ અને ક્રાઈસ્ટ પણ આ જગતમાંની આપની હાજરી વિશે અજ્ઞાત રહે એ કેવી રીતે શક્ય બને?

**ઉત્તર :** હાજરી ક્યાં અને કોની અંદર? જો તેઓ અમને મળે નહિ તો ઓળખી પણ ન જ શકે, અને ધારો કે તેઓ અમને મળ્યા પણ હોય તો પણ મારે કે શ્રી માતાજીએ, અમારી તે વખતની વ્યક્તિતાઓ ઉપર ઢાંકેલો પડદો દૂર કરી દઈ એ વ્યક્તિતાઓ પાછળ રહેલી દિવ્યતા શા માટે પ્રકટ કરવી જોઈએ? એ જન્મોમાં અમારે એવું કંઈ કરવાનું હતું જ નહિ. (CWSA 32 : 88-89)

**પ્રશ્ન :** આપ બંને આ પૃથ્વી ઉપર હંમેશને માટે હતા જ એનો અર્થ એ થાય કે એ મહાન આત્માઓ જ્યારે અવતર્યા ત્યારે આપ પણ પૃથ્વી ઉપર હાજર હતા જ. હવે તે વખતે તમારું બાહ્ય રૂપ ગમે તે હોય, પરંતુ તમારું આંતર સ્વરૂપ 'તમારી સાચી દિવ્યતા' એ મહાન આત્માઓથી તમે કેવી રીતે છુપાવી શકો?

**ઉત્તર :** પરંતુ આ બધા જન્મોમાં આંતર સ્વરૂપ બધા જ લોકોથી કેમ છુપાવી ન શકાય? તમારા તર્કને થોડી અસરકારકતા માત્ર ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે એમ માની લેવામાં આવે કે તે વખતે પૃથ્વી ઉપરની અમારી હાજરી અવતાર રૂપે હોય, પણ એ હાજરી જો વિભૂતિ રૂપે હોય તો તમારો તર્ક અસરકારક રહેતો નથી.

**પ્રશ્ન :** આપે પૂછયું છે 'હાજરી ક્યાં અને કોની અંદર?' તમે આ પ્રશ્નસૂચક શબ્દો કેમ વાપર્યા છે? એ શબ્દો ખરેખર શું કહેવા માગે છે?

**ઉત્તર :** એ 'હાજરી' તે કોઈ શરીરની અંદર કે કોઈ શરીરની તેમ જ કોઈ બાહ્ય વ્યક્તિતાની પૂંઠળે રહેલી હાજરી, અને 'હાજરી' જગતના કયા ભાગમાં? એ અર્થમાં એ શબ્દો વાપરવામાં આવ્યા છે. બુદ્ધના સમયમાં શ્રી માતાજી જો રોમમાં હોય તો બુદ્ધને તે કેવી રીતે ખબર પડે? કારણકે એ વખતે બુદ્ધને રોમના અસ્તિત્વ વિશે પણ જાણ ન હતી.

**પ્રશ્ન :** જ્યારે આપ તેમ જ માતાજી પૃથ્વી ઉપર શરૂઆતથી જ સતત વિદ્યમાન હતાં જ તો પછી એક પછી એક અવતારોને અહીં આવવાની શું જરૂર હતી?

**ઉત્તર :** અમે પૃથ્વી ઉપર અવતારો તરીકે હાજર ન હતા.

**પ્રશ્ન :** આપ જણાવો છો કે આપ બંને પૃથ્વી ઉપર અવતારો તરીકે ન હતા. અને છતાં આપ ઉત્ક્રાંતિને આગળ ધપાવવાનું કાર્ય કર્યે જતાં હતાં. હવે જ્યારે ઈશ્વર પોતે પૃથ્વી ઉપર હાજર હોય ત્યારે અવતાર, જે ઈશ્વરનો જ અંશ છે, તેમનું પૃથ્વી પર આવવાનું શું પ્રયોજન હતું ?

**ઉત્તર :** જ્યારે કોઈ વિશિષ્ટ કાર્ય કરવાનું હોય છે અને જ્યારે ઉત્ક્રાંતિમાં કોઈ કટોકટીની

પળ આવે છે ત્યારે અવતારની જરૂર પડે છે. અવતાર એ એક વિશિષ્ટ આવિર્ભાવ છે જ્યારે બાકીના સમયે ઈશ્વર સામાન્ય માનવીય મર્યાદામાં રહી વિભૂતિ તરીકે કાર્ય કરતા હોય છે. (CWSA 28 : 489)

(શ્રી નગીન દોશીના પ્રશ્નોના ઉત્તરો)

*

## ગુરુ, ઈશ્વર અને સત્ય

**પ્રશ્ન :** આપણા યોગમાં આ ત્રણ સંજ્ઞા (ગુરુ ઈશ્વર અને સત્ય) વચ્ચે વાસ્તવિક રીતે કોઈ ભેદ છે ખરો ? હું એવું માનું છું કે તમે અને શ્રી માતાજી માત્ર ગુરુ જ નહિ પણ ઈશ્વર પણ છો. અને તમારા બે માંથી કોઈ પણ જે પણ કહે એ જ હોય છે સત્યનો નિયમ. તો પછી આપ આ ત્રણ અલગ સંજ્ઞાઓનો ઉપયોગ શા માટે કરો છો ?

**ઉત્તર :** મેં આધ્યાત્મિક જીવનના સામાન્ય નિયમ અને આજ્ઞાધીનતા વિશે લખ્યું હતું. તમે એ તથા એને અહીં લાગુ કરવા વિશે જાણો છો. વધુમાં અહીં ઘણા લોકો આટલું કહીને જ સંતોષ માની લે છે : ‘શ્રી માતાજી ઈશ્વર છે.’ પણ તેઓ શ્રી માતાજીની આજ્ઞાનું પાલન કરતા હોતા નથી. અન્ય લોકો શ્રી માતાજીને ઈશ્વર ગણતા પણ નથી – એ લોકો શ્રી માતાજીને અન્ય એક ગુરુ માફક ગણાતા હોય છે.

*

## માર્ગ પ્રવર્તકોની મુશ્કેલીઓ

જરૂર. અમે શરૂઆતથી જ જો અતિમનસમાં રહ્યાં હોત તો કોઈ પણ વ્યક્તિ અમારી પાસે આવી શકી ન હોત તેમ જ કોઈ પણ રીતની સાધના બની શકી ન હોત. એ રીતે તો પૃથ્વી અને પૃથ્વીના માણસો અને અમારી વચ્ચે કોઈ સંપર્કની આશા જ રહી ન હોત. અત્યારે પણ શ્રી માતાજી પોતાની ચેતનામાં જ હમેશાં રહેતાં નથી અને તેમને સાધકોની નીચલી ચેતના પ્રત્યે નીચે ઝૂકવું પડે છે. શ્રી માતાજી જો એમ નથી કરતાં તો પછી બધા કહેવા લાગે છેઃ ‘તમે તો માતાજી બહુ દૂર દૂર રહો છો. બહુ કઠોર દેખાઓ છો. અમારી ઉપર તમારો પ્રેમ નથી. અમને તમારી કોઈ મદદ નથી. ઈ.ઈ.’ આમ હોઈ, માનવને મળવા માટે પરમાત્માએ પોતાનું સ્વરૂપ ઢાંકવું પડે છે. (CWSA 32 : 91-93)

*

# આપણી સાધના અને શ્રી માતાજી

જે લોકો શ્રી અરવિન્દના યોગને અનુસરી રહ્યા છે તે એ સારી રીતે જાણે છે કે એ યોગ શ્રી માતાજીની મદદ સિવાય કરી શકાય તેમ નથી. ખરું જોતાં સાધનામાં વ્યક્તિની જેમ જેમ પ્રગતિ થતી જાય છે તેમ તેમ એને એ ભાન થતું જાય છે કે શ્રી માતાજી જ એની પોતાની અંદર સાધના કરી રહ્યાં છે અને એના રૂપાંતરનો ભાર પણ વહી રહ્યાં છે. હકીકતમાં શ્રી માતાજીની શક્તિ આપણી અંદર કાર્ય કરી રહી છે એના વિશે સભાન બનવું એ જ ખરો યોગ છે.

શ્રી માતાજી આપણી સમક્ષ એકી સાથે વ્યક્તિગત શક્તિ, વૈશ્વિક શક્તિ અને પરા શક્તિ તરીકે પ્રકટ થાય છે. અને શ્રી માતાજીનું આ ત્રિગુણ સ્વરૂપ આપણા મર્યાદિત મનમાં પ્રશ્ન ઊભો કરે છે. માનવઆધારમાં પ્રભુની આ ત્રણે શક્તિઓનો એકી સાથે સમાવેશ કેવી રીતે થઈ શકે, અને ફક્ત સમાવેશ માત્ર જ નહિ, પરંતુ એ શક્તિનો કાર્યમાં આવિર્ભાવ પણ કેવી રીતે શક્ય બને ? આ એક કોયડાનું માનસિક સમાધાન મેળવવા લાંબા સમયથી આપણે અસફળ પ્રયત્નો કરી રહ્યાં છીએ.

અહંકારના બંધનોમાંથી છૂટીને જેમ જેમ આપણે વૈશ્વિક ચેતનામાં વિકાસ પામતા જઈએ છીએ તેમ તેમ શ્રી માતાજી આપણી અંદર સાધના કરી રહ્યાં છે એવું દર્શન આપણને સ્પષ્ટ થતું જાય છે. અને પછી શ્રી માતાજી આપણી સમક્ષ એક અનંત તત્ત્વ રૂપે પ્રકટ થાય છે ; શરીરમાંના રક્તકણોની માફક તેઓ આપણને તેમની અંદર ધારણ કરે છે અને તેમની ચેતના, શક્તિ તેમજ આનંદ વડે આપણને પોષણ પૂરું પાડે છે. આપણી અંદર થતી શ્રી માતાજીની સાધના વિશે શ્રી અરવિન્દે ૧૯૩૦માં સમજ આપેલી છે.

*

વ્યક્તિમાં અને વિશ્વમાં કાર્ય કરી રહેલી એક જ દિવ્ય શક્તિ છે અને એ શક્તિ વ્યક્તિ તેમજ વિશ્વથી પર પણ છે. શ્રી માતાજી આ બધી શક્તિઓ રૂપે છે. પરંતુ અહીં શરીરમાં રહીને તેઓ આ ભૌતિક જગતમાં હજુ જેનો આવિર્ભાવ થયો નથી એવી કોઈ વસ્તુનું અવતરણ કરાવવાને માટે કાર્ય કરી રહેલાં છે કે જેથી પૃથ્વી પરના જીવનનું રૂપાંતર સાધી શકાય અને માટે જ, તમારે શ્રી માતાજીને આ હેતુ માટે કાર્ય કરી રહેલી દિવ્ય શક્તિ તરીકે સમજવાનાં છે. શ્રી માતાજી શરીરમાં આ દિવ્ય શક્તિ રૂપે છે પરંતુ તેમની સમગ્ર ચેતનામાં તો તેઓ દિવ્ય શક્તિના બીજા બધાં સ્વરૂપો સાથે એકરૂપ બનેલાં છે.

**નગીન દોશી**

(Mother's Role in our sadhana, 1978 souvenir, Sri Aurobindo Society, Baroda.)

*

## શ્રી માતાજી અને શ્રી અરવિન્દ પરત્વે ખુલ્લાપણું

**પ્રશ્ન :** અમે શ્રી અરવિન્દને પત્ર લખીએ કે શ્રી માતાજીને લખીએ તે બંને એકસમાન જ

છે ? અમુક લોકો કહે છેઃ બંને એકસમાન જ છે. એટલે બંને કિસ્સામાં અમે શ્રી માતાજી પરત્વે અભિમુખ થતાં હોઈએ છીએ. શું આ સાચું છે ?

**ઉત્તર :** એ સાચું છે કે અમે બંને એક છીએ. પણ સંબંધ પણ છે જ, જે એવી જરૂરિયાત ઊભી કરે છે કે સાધકે શ્રી માતાજી પરત્વે ખુલ્લા રહેવું જોઈએ.

**પ્રશ્ન :** શું એમ બની શકે કે જે વ્યક્તિ શ્રી અરવિન્દ પ્રતિ અભિમુખ હોય તે શ્રી માતાજી પરત્વે અભિમુખ ન હોય? શું એ સાચું છે કે જે વ્યક્તિ શ્રી માતાજી પરત્વે અભિમુખ હોય તે શ્રી અરવિન્દ પ્રતિ પણ અભિમુખ હોય જ?

**ઉત્તર :** શ્રી માતાજી પરત્વેની અભિમુખતાનું સૂચન સાચું છે. કોઈ વ્યક્તિ શ્રી અરવિન્દ પ્રતિ અભિમુખ હોય અને શ્રી માતાજી પરત્વે અભિમુખ ન હોય તો એનો અર્થ એ થાય કે તે વ્યક્તિ શ્રી અરવિન્દ પ્રતિ સાચે જ અભિમુખ નથી હોતી. (CWSA 32 : 91-93)

*

## કરુણા અને પ્રેમ

કોઈ પણ વસ્તુ તમારી તરફનું અમારું વલણ બદલી શકે એવું તમારે વિચારવું જોઈએ નહિ. તમને અહીં જે મળ્યો છે તે પ્રાણમય માનવીય પ્રેમ નથી, જે પ્રેમ બાહ્ય વસ્તુઓથી બદલાઈ શકતો હોય છે. અમારો પ્રેમ ટકી રહે છે અને સતત રીતે અમે તમને સહાય કરવાનો, તમને ઉપર ઉઠાવવાનો પ્રયત્ન કરતાં રહીશું. અમે તમને એવા પ્રકાશ પ્રતિ દોરી જવાનો સતત પ્રયત્ન કરતાં રહીશું, જે પ્રકાશમાં હૃદય અને આત્માની એકતામાં તમે મિત્ર અને શ્રી માતાજીને સ્વીકારી શકો. (CWSA 32 : 91-93)

*mothersriaurobindo*
*is my refuge*

**શ્રી અરવિન્દ અને શ્રી માતાજી મારું શરણ છે.**

CWM 13 : 32

*

કોઈ અમુક ધર્મને લઈ તેનો વિકાસ કરવો અથવા તો જૂના ધર્મોને ભેગા કરવા યા તો કોઈ નવો ધર્મ સ્થાપવો એ શ્રી અરવિન્દનું લક્ષ્ય નથી. કારણ કે આ બધી વસ્તુઓ તેમના મુખ્ય હેતુથી દૂર લઈ જનારી છે. એમના યોગનું એકમાત્ર લક્ષ્ય છે એક આંતરિક આત્મવિકાસની પ્રાપ્તિ. એ વિકાસ દ્વારા આ યોગનો સાધક વખત જતાં સર્વમાં રહેલા આત્મતત્ત્વનું દર્શન કરી શકે છે અને મનોમય ચેતના કરતાં વધારે ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક રૂપની અતિમાનસ ચેતના પોતામાં વિકસાવી શકે છે. એ અતિમાનસ ચેતના માનવીની પ્રકૃતિનું રૂપાંતર કરશે, તેને દિવ્ય બનાવશે. (SABCL 26 : 95)

# સાવિત્રી મહાકાવ્યની પસંદગીની પંક્તિઓ

**('સાવિત્રી' નો ગુજરાતી અનુવાદ શ્રી પૂજાલાલનો છે.)**
**(ગતાંકથી ચાલુ)**

**Who is God**

But Savitri answered meeting scorn with scorn,
The mortal woman to the dreadful Lord:
"Who is this God imagined by thy night,
Contemptuously creating worlds disdained,
Who made for vanity the brilliant stars?
Not he who has reared his temple in my thoughts
And made his sacred floor my human heart.
My God is will and triumphs in his paths,
My God is love and sweetly suffers all.
To him I have offered hope for sacrifice
And gave my longings as a sacrament.
Who shall prohibit or hedge in his course,
The wonderful, the charioteer, the swift?
A traveller of the million roads of life,
His steps familiar with the lights of heaven
Tread without pain the sword-paved courts of hell;
There he descends to edge eternal joy.
Love's golden wings have power to fan thy void:
The eyes of love gaze starlike through death's night,
The feet of love tread naked hardest worlds.
He labours in the depths, exults on the heights;
He shall remake thy universe, O Death."

Savitri: 591

**કોણ છે દેવ ?**

**અવજ્ઞાથી અવજ્ઞાનો પરંતુ સામનો કરી**
**આપ્યો ઉત્તર મર્ત્યાએ-સાવિત્રીએ એ ભયંકર દેવનેઃ**
**''કોણ છે દેવ આ જેને કલ્પ્યો છે તુજ રાત્રિએ,**
**તિરસ્કારે ભરી રીતે તિરસ્કાર્યાં ભુવનો જેહ સ્ફુરંત તારકો ?**
**નથી તે એ વિચારોમાં મારા જેણે નિજ મંદિર છે રચ્યું**

ને મારું માનવી હૈયું બનાવ્યું છે પવિત્ર પાયભૂમિકા.
છે મારો પ્રભુ સંકલ્પ
જે પોતાના માર્ગોએ વિજયી થતો,
પ્રેમ છે પ્રભુ મારો જે સમાધુર્ય સહે બધું.
આશા એને સમર્પી છે મેં યજ્ઞબલિદાનમાં,
સંસ્કારવિધિમાં મારી આસ્પૃહાઓ સમર્પિત કરેલ છે.
છે જે અદ્‌ભુત ને સૂત અને છે દ્રુતવેગ જે
તેને નિષેધશે કોણ યા તો એની ગતિને અવરોધશે ?
કોટિ જીવન-માર્ગોનો છે એ યાત્રી,
પિછાને પગલાં એનાં જ્યોતિઓ સ્વર્ગધામની,
નરકાલયના ખડ્‌ગે ખચેલા ચોકની મહીં
પડે છે પગલાં એનાં પીડાનુભવના વિના;
તહીં એ ઊતરે નિત્યાનંદની ધાર આણવા.
પ્રેમની હેમ-પાંખોમાં
છે તારા શૂન્યને ક્ષુબ્ધ કરવાની સમર્થતાઃ
આંખો પ્રેમતણી તાકે તારા જેમ મૃત્યુની રાત્રિની મહીં,
કઠોરતમ લોકોમાં પ્રેમ નગ્ન પાયથી પગલાં ભરે.
સેવે એ શ્રમ ગર્તોમાં, ઉલ્લાસે શિખરો પરે,
એ તારા વિશ્વને, મૃત્યો ! નવેસર બનાવશે.''

**By Light we live and to the Light we go**
But Maya is a veil of the Absolute;
A Truth occult has made this mighty world:
The Eternal's wisdom and self-knowledge act
In ignorant Mind and in the body's steps.
The Inconscient is the Superconscient's sleep.
An unintelligible Intelligence
Invents creation's paradox profound;
Spiritual thought is crammed in Matter's forms,
Unseen it throws out a dumb energy
And works a miracle by a machine.
All here is a mystery of contraries:
Darkness a magic of self-hidden Light,
Suffering some secret rapture's tragic mask

And death an instrument of perpetual life.
Although Death walks beside us on Life's road,
A dim bystander at the body's start
And a last judgment on man's futile works,
Other is the riddle of its ambiguous face:
Death is a stair, a door, a stumbling stride
The soul must take to cross from birth to birth,
A grey defeat pregnant with victory,
A whip to lash us towards our deathless state.
The inconscient world is the spirit's self-made room,
Eternal Night shadow of eternal Day.
Night is not our beginning nor our end;
She is the dark Mother in whose womb we have hid
Safe from too swift a waking to world-pain.
We came to her from a supernal Light,
By Light we live and to the Light we go.

Savitri: 600-61

**આપણે પ્રકાશમાં જીવીએ છીએ, પ્રકાશ પ્રતિ જઈએ છીએ આપણે.**

અવગુંઠન છે કિન્તુ માયા કેવલરૂપનું,
નિગૂઢ એક સત્યે છે રચ્યું વિશ્વ વિશાળ આઃ
અજ્ઞાની મનમાંહે ને દેહનાં પગલાંમહીં
પ્રજ્ઞાન ને સ્વયંજ્ઞાન છે પ્રવૃત્ત સનાતન સ્વરૂપનાં.
અચિત્સ્વરૂપ છે નિદ્રા પરચેતન-આત્મની.
અબુદ્ધિગમ્ય બુદ્ધિએ
છે રચ્યો અતિદુર્બોધ વિરોધાભાસ સૃષ્ટિનો;
જડતત્ત્વતણાં રૂપોમહીં ઠાંસી ભરાયલો
આધ્યાત્મિક વિચાર છે,
અદીઠો બ્હાર ફેંકે છે એ એક મૂક શક્તિને
અને યંત્રતણા દ્વારા સાધે એક ચમત્કૃતિ.
અહીં છે તે બધું એક છે રહસ્ય ઊલટા ચાલનારનુંઃ
અંધાર જાદુ છે એક સ્વયં-છન્ન પ્રકાશનો,
દુઃખ દુઃખદ છે મ્હોરું કો નિગૂઢ પ્રહર્ષનું
અને છે મૃતયુ ઓજાર નિત્યની જિંદગીતણું.
યમ જોકે રહ્યો ચાલી આપણી બાજુએ જીવનને પથે

દેહારંભેય અસ્પષ્ટ પાસે એ હોય છે ખડો,
મોઘ માનવ કર્મોને માથે અંત્ય આપદા એહ હોય છે,
છતાં છે કોયડો દૂજો એના સંદિગ્ધ મોંતણોઃ
મૃત્યુ છે એક સોપાન, દ્વાર એક, ડગ છે ઠોકરાયલું
આત્માએ ભરવાનું જે હોય છે એક જન્મથી
બીજા જન્મમહીં જવા,
જીતનો ધારતી ગર્ભ ધૂસરી એક હાર છે,
ચાબખો છે ચલાવી જે લઈ આપણને જતો
મૃત્યુમુક્ત અવસ્થાગમ આપણી.
અચિત્‌તણું જગત્ આત્માકેરી જાતે છે બનાવેલ કોટડી,
નિત્યના દિનની છાયા રૂપ છે રાત્રિ નિત્યની.
રાત્રિ ના આપણો આદિ, રાત્રિ ના અંત આપણો;
છે એ તમોમયી માતા જેને ગર્ભે છીએ છૂપેલ આપણે,
વિશ્વના દુઃખની સામે અતિશીઘ્ર જાગરાથી બચી જઈ.
સર્વોચ્ચ જ્યોતિમાંહેથી રાત્રિમધ્યે છીએ આવેલ આપણે,
જ્યોતિથી જીવીએ છીએ, જ્યોતિ પ્રત્યે જઈએ આપણે છીએ.

A mystic slow transfiguration works.
All our earth starts from mud and ends in sky,
And Love that was once an animal's desire,
Then a sweet madness in the rapturous heart,
An ardent comradeship in the happy mind,
Becomes a wide spiritual yearning's space.
A lonely soul passions for the Alone,
The heart that loved man thrills to the love of God,
A body is his chamber and his shrine.

Savitri: 632

રૂપાંતરતણું એક કાર્ય ગૂઢ પ્રકારે મંદ ચાલતું.
આપણી પૃથિવી આખી આરંભ પંકથી કરી
આકાશે અંત પામતી,
ને પ્રેમ જે હતો એકવાર પાશવ કામના
ને પછી હૃષ્ટ હૈયામાં હતો મધુ પ્રમત્તતા
ને સુખી મનમાં સાહચર્ય ઉત્સાહથી ભર્યું

તે આધ્યાત્મિક આકાંક્ષાકેરો જાય અવકાશ બની બૃહત્.
એકાકી જાય છે જીવ ભાવાવેશે ભર્યો કેવલની પ્રતિ,
મનુષ્ય પર છે પ્રેમ જે હૈયાનો તે હૈયું પ્રભુ-પ્રેમથી
પુલકો ધારતું બને,
એનો આવાસ છે દેહ ને એનું મંદિરેય છે.

**Love is the bright link**

For Love must soar beyond the very heavens
And find its secret sense ineffable;
It must change its human ways to ways divine,
Yet keep its sovereignty of earthly bliss.
O Death, not for my heart's sweet poignancy
Nor for my happy body's bliss alone
I have claimed from thee the living Satyavan,
But for his work and mine, our sacred charge.
Our lives are God's messengers beneath the stars;
To dwell under death's shadow they have come
Tempting God's light to earth for the ignorant race,
His love to fill the hollow in men's hearts,
His bliss to heal the unhappiness of the world.
For I, the woman, am the force of God,
He the Eternal's delegate soul in man.
My will is greater than thy law, O Death;
My love is stronger than the bonds of Fate:
Our love is the heavenly seal of the Supreme.
I guard that seal against thy rending hands.
Love must not cease to live upon the earth;
For Love is the bright link twixt earth and heaven,
Love is the far Transcendent's angel here;
Love is man's lien on the Absolute."

Savitri:633

કેમ કે ઊડવાનું છે પ્રેમે સાક્ષાત્ સ્વર્ગોની પારપારમાં
ને શોધી કાઢવાનો છે અનિર્વાચ્ય નિજોદ્દેશ છુપાયલો;
પલટી નાખવાની છે એણે એની રીતો માનવજાતની
રીતોમાં દિવ્યતાતણી,

ને તોય રાખવાનું છે રાજ્ય એનું સૃષ્ટિની સંમુદા પરે.
હે મૃત્યુદેવ! મેં મારા હૈયાકેરી મધુરી તીવ્રતાર્થ ના
કે ના મારા સુખી દેહકેરા મોદાર્થ માત્ર કૈં
માગ્યો છે તુજ પાસેથી કરી દાવો જીવતા સત્યવાનને,
પરંતુ જે અમોને છે ધર્મકાર્ય અપાયલું
તે તેના ને મારા કર્તવ્ય કારણે.
અમારાં જીવનો દૂતો પ્રભુના છે તારામંડળની તળે;
મૃત્યુની છાયની નીચે રહેવાને એમનું આવવું થયું
અજ્ઞાન લોકને માટે પ્રભુકેરા પ્રકાશને
પ્રલોભાવી લાવવા પૃથિવી પરે,
પોલાણ માનવોકેરાં હૃદયોનું ભરવા પ્રભુ-પ્રેમથી,
પ્રભુના પરમાનંદ વડે દુઃખ દુનિયાનું મટાડવા.
કેમ કે સ્ત્રી-સ્વરૂપા છું શક્તિ હું પરમેશની,
માનુષ્યે સત્યવાન છે
એકમાત્ર પ્રતિનિધિ સનાતન-સ્વરૂપનો.
તારા નિયમથી મારો, મૃત્યુદેવ! છે સંકલ્પ મહત્તર;
દૈવની શૃંખલાઓથી પ્રેમ મારો બલિષ્ઠ છેઃ
અમારો પ્રેમ સ્વર્ગીય સીલ છે પરમાત્મની.
તારા વિદારતા હસ્ત સામે રક્ષા હું એ સીલતણી કરું.
પૃથ્વી ઉપર પ્રેમે ના વસવાટ કરવો બંધ જોઈએ;
કેમ કે પ્રેમ છે શુભ્ર કડી ભૂને સ્વર્ગની સાથ સાંધતી,
દૂરસ્થ પરમાત્માનો પ્રેમ હ્યાં દેવદૂત છે.
પ્રેમ મનુષ્યકેરો છે સ્વાધિકાર કેવલ-બ્રહ્મની પરે.''

**If in the meaningless Void creation rose**

If in the meaningless Void creation rose,
If from a bodiless Force Matter was born,
If Life could climb in the unconscious tree,
Its green delight break into emerald leaves
And its laughter of beauty blossom in the flower,
If sense could wake in tissue, nerve and cell
And Thought seize the grey matter of the brain,
And soul peep from its secrecy through the flesh,

How shall the nameless Light not leap on men,
And unknown powers emerge from Nature's sleep?
Even now hints of a luminous Truth like stars
Arise in the mind-mooned splendour of Ignorance;
Even now the deathless Lover's touch we feel:
If the chamber's door is even a little ajar,
What then can hinder God from stealing in
Or who forbid his kiss on the sleeping soul?
Already God is near, the Truth is close:
Because the dark atheist body knows him not,
Must the sage deny the Light, the seer his soul?

સૃષ્ટિ જો હો' થઈ ઊભી અર્થરહિત શૂન્યથી,
અશરીરી શક્તિમાંથી જન્મ્યું જો જડદ્રવ્ય હો,
અચેત તરુએ ઊંચે આરોહી જો શક્યું જીવન હોય, ને
લીલમી પર્ણરૂપે જો હોય ફૂટી શક્યો આનંદ લીલમી,
ને ફૂલોમાં હોય ફૂલી શક્યું એનું હાસ્ય સુંદરતાતણું,
અને જો માંસપેશીમાં, શિરા ને જીવનકોષમાં
જાગી ઊઠી શકી સંવેદશીલતા,
ને ભૂરા દ્રવ્યને ભેજાતણા ઝાલી શક્યો હોય વિચાર જો,
ચૈત્ય ડોકી શક્યો હોય
માંસમાટી મધ્યમાંથી પોતાની ગુપ્તતાથકી,
તો અનામી જ્યોતિ મારી તરાપ માણસો પરે
શેં આવી શકશે નહીં,
અને પ્રકૃતિની નિદ્રાથકી અજ્ઞાત શક્તિઓ
પ્રકટી શકશે ન શેં?
દેદીપ્યમાન સત્યની
અત્યારે પણ ઊઠે છે સૂચનાઓ જાગી તારકના સમી
માનસી ચંદ્રિકાયુક્ત અવિદ્યાની પ્રભાવી પ્રતિભાથકી;
સ્પર્શ અમર પ્રેમીનો અત્યારેય આપણાથી લહાય છે:
જો જરા જેટલું દ્વાર ઉઘાડું થાય કક્ષનું,
તો રોકી શકશે કોણ છાનોમાનો પ્રવેશ પરમેશનો
કે સુપ્તાત્મા પરે એની ચૂમીકિરી
કરવાને મનાઈ કોણ છે ક્ષમ?

ક્યારેનોય સમીપે છે પ્રભુ, સત્ય ક્યારનુંય સમીપ છેઃ
ના એને ઓળખી કાઢે કાળો નાસ્તિક દેહ જો
તો તેથી નહિ સ્વીકારે જ્યોતિને જ્ઞાનવાન શું
ને શું દ્રષ્ટા નિજાત્માને નકારશે ?

**Freedom is this**

Freedom is this with ever seated soul,
Large in life's limits, strong in Matter's knots,
Building great stuff of action from the worlds
To make fine wisdom from coarse, scattered strands
And love and beauty out of war and night,
The wager wonderful, the game divine.
What liberty has the soul which feels not free
Unless stripped bare and cannot kiss the bonds
The Lover winds around his playmate's limbs,
Choosing his tyranny, crushed in his embrace?
To seize him better with her boundless heart
She accepts the limiting circle of his arms,
Bows full of bliss beneath his mastering hands
And laughs in his rich constraints, most bound, most free.
This is my answer to thy lures, O Death."

**આ છે સ્વતંત્રતા**

છે આ મુક્તિ સ્થિતપ્રજ્ઞ નિત્ય રે'નાર આત્મની,
સીમાઓમાં જિંદગીની સુવિશાળ,
ગ્રંથિઓમાં જડદ્રવ્યતણી બલી,
ભુવનોમાંહ્યથી કાર્ય-સામગ્રી સર્જતો બૃહત્,
સ્થૂળ સંકીર્ણ સેરોથી સૂક્ષ્મજ્ઞાન બનાવતો.
અને યુદ્ધ તથા રાત્રીમાંથી પ્રેમ ને સૌન્દર્ય બનાવતો,
છે અજાયબ આ હોડ, છે ક્રીડા દિવ્ય કોટિની.
આ કંઈ જાતનો મોક્ષ આત્માનો કે લે નહીં નગ્ન રૂપ એ
ત્યાં સુધી એ મુક્તિ અનુભવે નહીં,
ને લીલાના ગોઠિયાનાં અંગોની આસપાસમાં
પ્રેમી જે બંધનો નાખે તેને ચૂમી શકે ન જે,

કરે પસંદ ના એનો અત્યાચાર
અને આશ્લેષમાં એના કચડાઈ જવું ના જેહને ગમે ?
નિઃસીમ નિજ હૈયાથી ગ્રાહ લેવા વધુ રૂડા પ્રકારથી
સીમિત કરતા એના બાહુઓનું ચક્ર એ અપનાવતી,
વશમાં આણતા એની ભુજાના ભારની તળે
પરમાનંદથી પૂર્ણ બની એ લચકી પડે,
ને હસે વૈભવી એનાં નિયંત્રણતણી મહીં,
બદ્ધ સૌથી વધારે ત્યાં મુક્ત અધિક સર્વથી.
તારાં પ્રલોભનોને આ મારો ઉત્તર, મૃત્યુ હે!''

**Hidden bliss at the root of things**
A hidden Bliss is at the root of things.
A mute Delight regards Time's countless works:
To house God's joy in things Space gave wide room,
To house God's joy in self our souls were born.
This universe an old enchantment guards;
Its objects are carved cups of World-Delight
Whose charmed wine is some deep soul's rapture-drink: The
All-Wonderful has packed heaven with his dreams,
He has made blank ancient Space his marvel-house;
He spilled his spirit into Matter's signs:
His fires of grandeur burn in the great sun,
He glides through heaven shimmering in the moon;
He is beauty carolling in the fields of sound;
He chants the stanzas of the odes of Wind;
He is silence watching in the stars at night;
He wakes at dawn and calls from every bough,
Lies stunned in the stone and dreams in flower and tree.
Even in this labour and dolour of Ignorance,
On the hard perilous ground of difficult earth,
In spite of death and evil circumstance
A will to live persists, a joy to be.

Savitri: 653

છે ગુપ્ત એક આનંદ મૂળમાં વસ્તુઓતણા.
એક અશબ્દ આનંદ
અવલોકી રહેલો છે અસંખ્ય કર્મ કાળનાં;
અવકાશે વિશાળું છે આપ્યું સ્થાન વસ્તુઓમાં વસાવવા
આનંદ પરમાત્મનો,
જન્મ્યા છે આપણા જીવો નિજાત્મામાં વસાવવા
આનંદ પરમાત્મનો.
આ વિશ્વ સાચવી રાખે પુરાણી એક મોહિની,
વિશ્વાનંદતણા પ્યાલા કંડારેલા છે એની સર્વ વસ્તુઓ
મદ્ય મોહક જેહનું
કો ઊંડા ચૈત્ય આત્માનું પાન છે સંમુદાતણુંઃ
સર્વાશ્ચર્યસ્વરૂપે સ્વ-સ્વપ્નાંઓથી સ્વર્ગ સાન્દ્ર ભરેલ છે,
રિક્ત પ્રાચીન આકાશ
ધામ એણે બનાવ્યું છે પોતાનું અદ્‌ભુતે ભર્યું;
રેડ્યો છે નિજ આત્માને સંકેતોમાંહ્ય દ્રવ્યનાઃ
જળે છે અગ્નિઓ એના ભવ્યતાના મોટા માર્તંડની મહીં,
ચંદ્રમાં વિલસંતો એ સ્વર્ગાકાશમહીં સરે;
છે એ સૌન્દર્ય આનંદગાન ગાતું ક્ષેત્રોમધ્યે અવાજનાં;
શ્લોકો આલાપતો એહ વાયુના ઊર્મિગીતના;
છે એ રાત્રિ સમે મૌન નક્ષત્રોમાં નિરીક્ષતું;
જાગી ઊઠી પ્રભાતે એ ડાળેડાળથકી આહ્‌વાન આપતો,
શિલામાં સ્તબ્ધ સૂતો એ અને સ્વપ્ન સેવતો પુષ્પ-પાદપે.
આ પરિશ્રમ ને ક્લેશમહીંયે અજ્ઞાતાતણા,
કઠોર ને ભયે પૂર્ણ જમીને આ સંકષ્ટ ધરણીતણી,
મૃત્યુ ને ઘટના ઘોર છે છતાંયે
સંકલ્પ જીવવાનો ને અસ્તિકેરો રહે છે આગ્રહે ભર્યો.

(ક્રમશઃ)

*

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દની સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડાના ઉપક્રમે શ્રી માતાજીની જન્મજયંતીની ઉજવણીના કાર્યક્રમનું આયોજન મહંત શ્રી પુરુષોત્તમ દાસજીની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને ધ્યાનથી કરવામાં આવી હતી. કેન્દ્રના અધ્યક્ષશ્રીએ સમારંભના અધ્યક્ષનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કેન્દ્રની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરી શ્રી ઇન્દ્રવદન ભાવસારે મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું. એ પ્રસંગે કેન્દ્રોના આઠ સભ્યોએ પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમના અધ્યક્ષશ્રી મહંત સાહેબે શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની સાધના વિશે વક્તવ્ય રજૂ કર્યું અને કાર્યક્રમને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમને અંતે પોરબંદર શાખા દ્વારા પ્રકાશિત 'શ્રી અરવિન્દ જીવન-ઝલક' પુસ્તિકાનું વિતરણ હાજર સભ્યોને કરવામાં આવ્યું હતું.

*

શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ૐ પુરિમાં સાધના શિબિરનું આયોજન તા. ૨૫ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું. શિબિર સંચાલન ડૉ. તન્ન ાએ કર્યું. શિબિરના મુખ્ય વક્તા હતા. શ્રી જ્યોતિબહેન થાનકી. શિબિરમાં ગુજરાતનાં કેન્દ્રોના ૭૦ સભ્યોએ ભાગ લીધો હતો. શિબિર દરમિયાન શ્રી શરદભાઈ જોશીનાં વક્તવ્યોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન વ્યવસ્થા સંભાળવાનું કાર્ય શ્રી પૂરણચંદ્ર પાડે, શ્રી ઋષિભાઈ ઝવેરી તથા શ્રી કમલેશ માંડવિયાએ કર્યું હતું.

*

**નવું પ્રકાશન :** સાવિત્રીશબ્દામૃત ૧૩, શ્રી શ્રદ્ધાવાન. ભાવાનુવાદ : કિરીટ ઠક્કર. પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, ઈ ૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯. મો. : ૯૪૨૭૫૪૦૧૯૫. પૃષ્ઠ સંખ્યા ૪૦૮. સારા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી આવરણ અને સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૩૦૦/-.

શ્રી અરવિન્દ, રચિત મહાકાવ્ય સાવિત્રીના પર્વ ૨, ભુવનોના યાત્રીનું પર્વના - બે લાંબા સર્ગો, ૧૦ અને ૧૧, 'ક્ષુદ્ર મનનાં રાજ્યો અને દેવતાઓ' તથા 'વિશાળતર મનનાં રાજ્યો અને દેવતાઓ' નું અતિ સુંદર ભાષ્ય, મૂળ લખાણ અને એના ગુજરાતી અનુવાદ સહિત આ ગ્રંથમાં સમાવાયેલું છે. જે સંસ્થાઓ ૫ કે તેથી વધુ પ્રતો મંગાવશે એમને યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

*

## સ્થૂળ જગતમાં, પૃથ્વી ઉપર હું જે લઈ આવવા માગું છું તે છે :

૧. સંપૂર્ણ ચેતના.

૨. પૂર્ણ જ્ઞાન, સર્વજ્ઞતા.

૩. પરમ અવિજેય, અવિરોધ્ય એવી શક્તિ. સર્વશક્તિમાનપણું.

૪. તંદુરસ્તી, સંપૂર્ણ, કાયમી, અવિચાલ્ય. સતત નવસર્જન પામતું બળ.

૫. શાશ્વત યૌવન, સતત વિકાસ, અખંડિત પ્રગતિ.

૬. સંપૂર્ણ સૌન્દર્ય, સંપૂર્ણ તેમ જ સમગ્ર સંવાદિતા.

૭. અખૂટ, અતુલિત સમૃદ્ધિ, જગતની સર્વ સંપત્તિ પર કાબૂ.

૮. સાજા કરવાની તેમ જ સુખી બનાવવાની બક્ષિસ.

૯. સર્વ અકસ્માતોમાંથી મુક્તિ, સર્વ વિરોધી હુમલાઓ સામે અપરાજિતતા.

૧૦. સર્વ ક્ષેત્રોમાં અને સર્વ પ્રવૃત્તિઓમાં અભિવ્યક્તિની સંપૂર્ણ શક્તિ.

૧૧. વાચાઓની ભેટ, સૌ કોઈને પોતાની વાત સમજાવી શકવાની શક્તિ.

૧૨. તારા (ઈશ્વરના) કાર્યની સિદ્ધિ માટે જરૂરી હોય તેવું અન્ય સર્વ કાંઈ.

શ્રી માતાજી

(Champaklal’s Treasures)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO
(વર્ષ ૦૮ : અંક ૦૪)

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**